# આત્મધર્મ

## વર્ષ ૩૨

## સળંગ અંક ૩૭૩

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

વીર સં.
૨૫૦૧

વર્ષ ૩૨
અંક: ૩૭૩




# મોક્ષનો મહોત્સવ અપૂર્વ આનંદથી ઉજવીએ.

અહો, વહાલા વીરનાથ! ઇષ્ટ એવો આપનો સુંદર વીતરાગમાર્ગ અમારા મહાભાગ્યે સંતોની પરંપરામાં આજે પણ જીવંત વર્તી રહ્યો છે. આપના માર્ગમાં વહેતા વીતરાગી આનંદનાં વહેણથી અમે પાવન થયા છીએ. સમંતભદ્રસ્વામીએ ખરૂં જ કહ્યું છે કે મિથ્યાત્વી–ચિત્ત આપને પૂજી શકતું નથી, સમ્યક્ત્વી જ આપને પૂજે છે. અહા, આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા, અને શુદ્ધાત્માના આનંદસ્વાદથી ભરેલો આપનો ઇષ્ટ ઉપદેશ, –એની મહાનતાને જે ઓળખે છે તે તો આપના માર્ગે ચાલવા માંડે છે, ને તેના ચિત્તમાં આપ બિરાજો છો, તે જ આપને પૂજે છે. આપની મહાનતાને જે ન ઓળખી શકે તે આપને ક્યાંથી પૂજી શકે? પ્રભો? અમે તો આપને ઓળખ્યા છે, તેથી અમે આપના પૂજારી છીએ; ને આપના નિર્વાણમાર્ગમાં રહીને, આપના નિર્વાણનો આ અઢીહજારવર્ષીય મહોત્સવ અપૂર્વ આનંદથી ઊજવીએ છીએ.

તંત્રી: પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧ કારતક ( લવાજમ: છ રૂપિયા ) વર્ષ ૩૨: અંક ૧

નવા વર્ષનું લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૧

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૧
કારતક:
ઈ. સ. 1974
NOV.




[ સંપાદકીય ]

# આંગણીયે અવસર આનંદના

[ અવસર ચુકશો મા. ]

બંધુઓ, અવસર આવ્યો છે મોક્ષને સાધવાનો !
અવસર આવ્યો છે આનંદમય નિર્વાણમહોત્સવનો !
મહાવીરનાથ ફરી પધાર્યા છે મોક્ષનો માર્ગ બતાવવા !
મોક્ષને સાધવાનો આ આનંદમય અવસર ચુકશો મા.

ભગવાન મહાવીર ! આપ અઢીહજાર વર્ષથી સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છો. અઢીહજાર વર્ષ પહેલાં આપ અહીં ભરતભૂમિમાં વિચરતા હતા ને મોક્ષમાર્ગ ઉપદેશતા હતા...ભવ્યજીવો તે ઇષ્ટ ઉપદેશ ઝીલીને મોક્ષમાર્ગમાં ચાલતા હતા. તે પ્રસંગને આજે અઢીહજાર વર્ષનું આંતરુ પડ્યું...છતાં હે ભગવાન ! અમને તો એમ જ લાગે છે કે આજેય આપ અમારી સન્મુખ જ બિરાજી રહ્યા છો ને અમને મોક્ષમાર્ગ ઉપદેશી રહ્યા છો....અમે તે ઝીલીને આપના માર્ગે આવી રહ્યા છીએ. વાહ ! કેવો સુંદર છે આપનો માર્ગ ! વીતરાગતાથી તે આજેય કેવો શોભી રહ્યો છે ! અઢીહજાર વર્ષ વીતવા છતાંય આપનો માર્ગ તો આજેય ચાલુ જ છે. અહા, આવો અદ્ભુત આનંદમાર્ગ આપે બતાવ્યો તેથી આપના ઉપકારને અમે કદી ભૂલવાના નથી. હે મોક્ષમાર્ગના નેતા ! પરમ ભક્તિભાવભીની અંજલિવડે આપને પૂજિએ છીએ-વંદીએ છીએ. —હરિ.




# અભિનંદન

પંચાસ્તિકાયમાં મોક્ષમાર્ગનું પ્રકરણ શરૂ કરતાં કુંદકુંદસ્વામી કહે છે કે અપુનર્ભવના કારણરૂપ એવા મહાવીરને હું શિરસા અભિનંદુ છું. અહો, કુંદકુંદપ્રભુ પણ જેમને અભિનંદે એ મહાવીર ભગવાનના દિવ્ય મહિમાની શી વાત! પ્રભો! આપ તો અપુનર્ભવરૂપ સિદ્ધદશાને પામીને અભીનંદનીય થયા છો.... ને અમને પણ તે માર્ગ બતાવીને અમારા માટે અપુનર્ભવના કારણ થયા છો. કારણઅનુસાર કાર્ય–એ ન્યાયે આપને અનુસરીને અમે પણ અપુનર્ભવ થઈશું.

# અર્હંતભગવંતોનું મહાનસુખ....એ જ મુમુક્ષુનું પરમ ઇષ્ટ

# મહાવીરના માર્ગને સેવો.....ને....મહાન સુખને પામો

અહા, આત્માનું અતીન્દ્રિય સુખ કોને ન ગમે? રાગ વગરના એ મહાન આનંદની વાર્તા સાંભળતાં કયા મુમુક્ષુના હૈયામાં આનંદ ન થાય? કોઈ પણ બાહ્યપદાર્થો વગરનું આત્માનું સુખ સાંભળતાં જ મુમુક્ષુ તેનો હોંશથી સ્વીકાર કરે છે કે વાહ! આ તો મારું પરમ ઇષ્ટ! આ તો મારા આત્માનો સ્વભાવ! –આ પ્રમાણે હોંશથી સ્વભાવસુખનો સ્વીકાર કરતો તે મુમુક્ષુ સમ્યગ્દર્શન પામીને અતીન્દ્રિયસુખનો સ્વાદ ચાખી લ્યે છે. અહા, કુંદકુંદસ્વામીએ દિલ ખોલીખોલીને જે સુખનાં ગાણાં ગાયા છે–તે સુખના અનુભવની શી વાત? મહાવીરના માર્ગ સિવાય એવું સુખ બીજું કોણ બતાવે? હે ભવ્ય જીવો! મહાવીરના માર્ગને સેવો....ને આત્માના સુખને પામો.

[ શ્રી પ્રવચનસાર આનંદઅધિકાર ગા. ૫૩ થી ૬૮ ]

અતીન્દ્રિયજ્ઞાન તે એકાંતસુખ છે. જ્ઞાનસ્વભાવ જ્યાં છે ત્યાં સુખસ્વભાવ પણ છે જ; એટલે ગુણભેદ ન પાડો તો અતીન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા તે જ અતીન્દ્રિયસુખરૂપ છે. આત્મામાં જ્ઞાનપરિણમનની સાથે જ સુખપરિણમન પણ ભેગું જ છે. સુખ વગરનું જ્ઞાન તેને ખરેખર જ્ઞાન કહેતા જ નથી. તેમજ કોઈ કહે કે અમે સુખી છીએ પણ અમને જ્ઞાન નથી, –તો અતીન્દ્રિયજ્ઞાન વગરનું તેનું સુખ તે સાચું સુખ નથી, તેણે માત્ર ઇન્દ્રિયવિષયોમાં સુખકલ્પના કરી છે, –તે કલ્પના મિથ્યા છે.

અરે પ્રભુ! તારું જ્ઞાન ને તારું સુખ બંને અચિંત્ય, ઈન્દ્રિયાતીત, અદ્‌ભુત છે; તેને ઓળખતાં તારું જ્ઞાન ઈંદ્રિયોથી છૂટું પડીને, અતીન્દ્રિય–મહાન જ્ઞાનસામાન્યમાં વ્યાપી જશે, –કે જે સ્વભાવ મહાન જ્ઞાન ને સુખરૂપે પોતે જ પરિણમે છે, તેને જ્ઞાનમાં

કે સુખમાં બીજા કોઈની અપેક્ષા નથી. સામાન્યજ્ઞાન ને સુખસ્વભાવ છે તે પોતે વિશેષ જ્ઞાન ને સુખરૂપે સ્વયમેવ થાય છે; તેથી આત્મા પોતે સ્વભાવથી જ જ્ઞાન ને સુખ છે, તેમાં બીજા કોઈ બાહ્યવિષયો કાંઈ જ કરતા નથી, અકિંચિત્કર છે.

જેમ આકાશમાં સૂર્ય નિરાલંબીપણે જ્યોતિષ–દેવ છે, તે સ્વયં ઉષ્ણ અને પ્રકાશરૂપ છે; પ્રકાશ માટે કે ઉષ્ણતા માટે તેને બીજા કોઈની જરૂર રહેતી નથી; તેમ દિવ્ય ચેતના શક્તિવાળો આત્મા પોતે પોતાના સ્વભાવમાં જ રહીને નિરાલંબીપણે મહાન અતીન્દ્રિય જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે, તે પોતે જ જ્ઞાન અને સુખ છે; આવી દિવ્યચેતનારૂપે પરિણમતો હોવાથી આત્મા પોતે દેવ છે.

જેમ સિદ્ધભગવંતો પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપે પરિણમનારા દિવ્ય સામર્થ્યવાળા દેવ છે, તેમ બધાય આત્માનો સ્વભાવ પણ એવો જ છે. –આહા! આવો નીરાલંબી મારો જ્ઞાન ને સુખ સ્વભાવ છે–એમ લક્ષમાં લેતાં જ જીવનો ઉપયોગ અતીન્દ્રિય થઈને તેની પર્યાય જ્ઞાન ને સુખરૂપે ખીલી જાય છે...કોઈ અપૂર્વ, સંસારમાં પૂર્વે કદી નહિ અનુભવાયેલી ચૈતન્યશાંતિ તેને વેદનમાં આવે છે. –મારામાંથી જ આ શાંતિ આવી, મારો આત્મા જ આવી શાંતિસ્વરૂપ છે, એમ આનંદનો અગાધસમુદ્ર તેને પ્રતીતમાં–જ્ઞાનમાં–અનુભૂતિમાં આવી જાય છે; પોતાનું પરમ ઇષ્ટ એવું સુખ તેને પ્રાપ્ત થાય છે, ને અનિષ્ટ એવું દુઃખ દૂર થાય છે.

–આ છે મહાવીરપ્રભુનો ઇષ્ટ ઉપદેશ! મહાવીર ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ સમજે તેને આવા ઇષ્ટની પ્રાપ્તિ જરૂર થાય જ.

જેમ સૂર્યને આકાશમાં રહેવા માટે કોઈ થાંભલાના ટેકાની જરૂર પડતી નથી, તેને ઉષ્ણતા માટે કે પ્રકાશ માટે કોઈ કોલસા કે તેલ વગેરે બળતણની જરૂર નથી પડતી. જ્યોતિષનામકર્મને લીધે સ્વભાવથી જ તે આકાશમાં નીરાલંબી, ઉષ્ણતા ને પ્રકાશવાળો દેવ છે. તેમ સુખ ને જ્ઞાન જેનો સ્વભાવ છે એવી દિવ્ય શક્તિવાળા આત્માને, અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપ પરિણમવા માટે રાગ–પુણ્ય કે ઇન્દ્રિયવિષયોની પરાધીનતા નથી, તે બધાયની અપેક્ષા વગર સ્વભાવથી પોતે જ જ્ઞાન–સુખ ને દેવ છે. –સુખ ને જ્ઞાન આત્માનો સ્વભાવ જ છે. તે સ્વભાવની પ્રાપ્તિ તે ઇષ્ટ છે. ધર્મીને પોતાનો આવો જ્ઞાન–આનંદમય સહજ સ્વભાવ તે જ ઇષ્ટ વહાલામાં વહાલો છે, બીજું કાંઈ તેને ઇષ્ટ નથી.

* મારો અતીન્દ્રિયસ્વભાવ જ મને અનુકૂળ ને ઇષ્ટ છે, તેના અવલંબને જ મને સુખ છે.

* મારા જ્ઞાન–સુખ માટે મારે ઇંદ્રિયો વગેરે બીજાનું આલંબન લેવું પડે તો તે પરાધીનતા હોવાથી મને પ્રતિકૂળ છે, તે ઇષ્ટ નથી, પણ અનિષ્ટ છે, દુઃખ છે.

અહો, વીરનાથ! વીતરાગ ઉપદેશવડે આવો સુંદર અમારો ઇષ્ટસ્વભાવ દર્શાવીને આપે જે અચિંત્ય ઉપકાર કર્યો છે તે યાદ કરતાં પણ અમારું હૃદય આપના પ્રત્યે અર્પાઈ જાય છે.

અહો, સર્વજ્ઞ અરિહંતોને પ્રગટેલું આત્માનું રાગવગરનું સ્વાધીન અતીન્દ્રિય મહાનસુખ, તે કોને ન ગમે? આવું સુખ ક્યો મુમુક્ષુ આનંદથી સંમત ન કરે? સર્વજ્ઞનું આવું ઇંદ્રિયાતીત સુખ, તે આત્માનો સ્વભાવ જ છે–એમ જાણતાં મુમુક્ષુ ભવ્ય આત્મા પ્રસન્નતાથી તેનો સ્વીકાર કરે છે, એટલે ઇંદ્રિયવિષયોમાંથી (–ને તેના કારણરૂપ પુણ્ય તથા શુભ રાગમાંથી) તેને સુખબુદ્ધિ છૂટી જાય છે. –આવા સુખને શ્રદ્ધામાં લેતાં સ્વભાવના આનંદના વેદનસહિત સમ્યગ્દર્શન થાય છે.

અહો, વીરનાથ પરમ સર્વજ્ઞદેવ! આવા અતીન્દ્રિય જ્ઞાન–સુખરૂપે આપ પરિણમ્યા છો, ને આપના આવા પરમ–ઇષ્ટ આત્માને ઓળખીને તેનો સ્વીકાર કરતાં, અમારો પૂર્ણ જ્ઞાનાનંદથી ભરેલો આત્મસ્વભાવ અમને પ્રતીતિમાં આવી જાય છે, મોક્ષસુખનો નમુનો સ્વાદમાં આવી જાય છે....ને ઇષ્ટપ્રાપ્તિના મહા આનંદપૂર્વક અમે આપને નમસ્કાર કરીને આપના મંગલમાર્ગમાં આવીએ છીએ.

ધીર, વીર, દૃઢ બ્રહ્મચારી શ્રી જંબુકુમાર જ્યારે વૈરાગ્યથી દીક્ષા લેવા તૈયાર થયા છે અને તેની માતા શોકથી વિલાપ કરે છે ત્યારે જંબુકુમાર કહે છે કે હે માતા! તું જલદી શોકને છોડ....કાયરતાને છોડ. આ સંસારની બધી અવસ્થા ક્ષણભંગુર છે એમ તું ચિંતન કર. હે માતા! આ સંસારમાં મેં ઇન્દ્રિયસુખો ઘણીવાર ભોગવ્યા પણ તેનાથી તૃપ્તિ ન મળી; એવા અતૃપ્તિકારી વિષયોથી હવે બસ થાઓ. હવે તો અમે અવિનાશી ચૈતન્યપદને જ સાધશું.

# જ્ઞાની આનંદથી નચાવે છે જ્ઞાનની ચેતનાને

**જ્ઞાનચેતના આનંદમય છે...તે મોક્ષનો માર્ગ છે.**
**અજ્ઞાનચેતના દુઃખમય છે...તે સંસારનો માર્ગ છે.**

હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું, સર્વ રાગ–દ્વેષ કે હર્ષ–ખેદ વગરનું મારું આનંદમય સ્વરૂપ મને સ્વાનુભવમાં પ્રત્યક્ષ આસ્વાદવામાં આવે છે;–જ્ઞાનીની આવી અનુભૂતિનું નામ જ્ઞાનચેતના છે. આચાર્યદેવ મંગલ આશીષરૂપે કહે છે કે અહો જ્ઞાનીજનો! આવી આનંદમય જ્ઞાનચેતનાને નચાવતા થકા અત્યારથી માંડીને સદાકાળ પ્રશમરસને પીઓ.

જ્ઞાનીની તે જ્ઞાનચેતના રાગ–દ્વેષને કરતી નથી, ને હર્ષ–શોક ભોગવતી નથી; આથી તે જ્ઞાનચેતનામાં પરભાવનું પ્રતિક્રમણ તથા પ્રત્યાખ્યાન છે. આવી જ્ઞાનચેતનાને આનંદરૂપ નચાવતા થકા, એટલે કે પોતે આનંદથી એવી જ્ઞાનચેતનારૂપે પરિણમતા થકા, જ્ઞાની મોક્ષને સાધે છે ને સદાકાળ ચૈતન્યના પ્રશાંત–પ્રશમરસને પીએ છે. અહા, એ પ્રશમરસના સ્વાદની કલ્પના રાગમાં કે હર્ષમાં ક્યાંથી આવે?

હર્ષ–ખેદ કે રાગ–દ્વેષના ભાવોમાં જ્ઞાનનું સંચેતન નથી; જ્ઞાનનો સ્વાદ તેમનાથી સાવ જુદી જાતનો છે તેથી તે હર્ષ–ખેદ કે રાગ–દ્વેષના અનુભવને અજ્ઞાનચેતના કહી છે, તે અશુદ્ધ છે, તેમાં દુઃખનું વેદન છે, ને તે સંસારનું કારણ છે.

એકકોર ઝેરનું ઝાડ...એકકોર અમૃતનું ઝાડ! ભાઈ, ઝેરનાં ઝાડનાં કડવાં ફળ તો તેં અનાદિથી ચાખ્યા, ને તેથી તું સંસારમાં દુઃખી જ થયો. અરે, હવે એકવાર તારી ચેતનાને જ્ઞાનરૂપ કરીને અમૃતના ઝાડનું ફળ તો ચાખી જો! તે મહાન અતીન્દ્રિય આનંદરૂપ છે ને મોક્ષનું કારણ છે. અરે, આવો ઉપદેશ સાંભળીને મુમુક્ષુ–શાંતિનો અભિલાષી જીવ તો ફડાક કરતો રાગથી છૂટો પડીને અંદર ચેતનામાં ઊતરી જાય છે. અરે શુભરાગમાંયે જેને અશાંતિ લાગે તે મુમુક્ષુજીવ અશુભ રાગની ભઠ્ઠીમાં તો કેમ જાશે? –એ તો શુભરાગની અશાંતિથી પણ છૂટીને ચૈતન્યની વીતરાગીશાંતિમાં આવશે. –અને આ રીતે

ઊંચે–ઊંચે જવા માટે જ મહાવીર ભગવાનનો ઉપદેશ છે.

ભાઈ, તને આનંદ કેમ આવે? ને તારો આત્મા આ દુઃખના કલેશથી કેમ છૂટે! તે માટે સંતો તને માર્ગ દેખાડે છે. જેના વેદનમાં આનંદનો ને શાંતિનો સ્વાદ આવે તે તું છો, તે તારું સાચું રૂપ છે; સાચું રૂપ કહો કે શુદ્ધસ્વરૂપ કહો; અને જેના વેદનમાં શાંતિનો સ્વાદ ન આવે ને આકુળતા–અશાંતિ થાય તે તારું સાચું રૂપ નથી, એને તું તારી જ્ઞાનચેતનાથી ભિન્ન જાણ. હું રાજા, હું દેવ, –એવા વેદનમાં કાંઈ સુખ નથી, પણ ચેતનભાવરૂપે આત્માનું વેદન તે શાંતરસના અમૃતથી ભરેલું છે. એવા સ્વરૂપની અનુભૂતિરૂપ જ્ઞાનચેતનાને જ્ઞાનીજનો આનંદથી નચાવે છે. અરે, મારી આનંદમય જ્ઞાનચેતનામાં રાગના કોઈ ભાવનુંય કર્તાપણું–ભોક્તાપણું કે સ્વામીપણું નથી, ત્યાં જડ–અચેતન ભિન્ન વસ્તુનું સ્વામીપણું કે કર્તા–ભોક્તાપણું મારામાં કેવું? તેથી જ્ઞાનચેતનામય સ્વદ્રવ્યને છોડીને અન્ય કોઈ પરદ્રવ્યમાં મારી પ્રવૃત્તિ નથી. આ રીતે જ્ઞાનચેતનાવંત ધર્માત્મા સ્વદ્રવ્યને જ પોતારૂપે સંચેતતો, થકો, અન્ય સમસ્ત ભાવોથી જુદો જ વર્તે છે. તે ચૈતન્યના પ્રશાંત રસના પાનવડે પોતાના શુદ્ધઆત્મતત્ત્વનું જતન કરે છે; અરે, આનંદમાં વસનારો હું, તેને પરભાવમાં હું કેમ જવા દઉં? અહો જીવો! ચેતનાવડે ચૈતન્યના શાંત–પ્રશમરસને સદાકાળ પીધા કરો. –એ જ ભગવાનનું સાચું ભજન છે. બહારમાં ભગવાન તરફનો જેટલો રાગ છે તેટલી તો કર્મચેતના છે, તે કર્મચેતનામાં શાંતિ હોતી નથી; તે જ વખતે જ્ઞાની તો ભેદજ્ઞાનના બળથી પોતાની જ્ઞાનચેતનાને રાગથી જુદી જ સંચેતે છે, તે જ્ઞાનચેતના શાંતરસથી ભરેલી છે.

ચૈતન્યતત્ત્વ અમૃતનો કળશ છે; અમૃતચંદ્રદેવે સમયસારના આ કળશ દ્વારા આત્માના અમૃતની રેલમછેલ કરી છે. અરે જીવ! અંદર જો તો ખરો, કે આત્મા કેવો સરસ શાંતરસથી ભરેલો છે! આવા અદ્ભુત આત્માને સમજવા માટે બીજા ભાવોથી નિવૃત્ત થા. બહારના બીજા પરભાવોથી નવરો પણ ન થાય–તે આત્માને ક્યારે સમજે? આત્માની સમજણ અને અનુભવ માટે તો અંદર બીજે બધેથી રસ છૂટીને આત્માનો કેટલો રસ હોય? કેટલી પાત્રતા હોય? અરે, એ તો જગતથી છૂટો પડી ગયો, ને પોતાના સ્વદ્રવ્યમાં આવ્યો. એ તો સમસ્ત કર્મ અને કર્મફળથી રહિત એવી કોઈ અદ્ભુત આનંદમય દશાને પામે છે, ને પોતે પોતામાં જ શાંતિના ભોગવટાથી પરમ તૃપ્ત રહે છે. આત્માના સ્વરૂપને ચેતનારી જ્ઞાનચેતનાનું પરિણમન મહાન આનંદરૂપ છે. આવા આનંદસહિત ધર્માત્મા પોતાની જ્ઞાનચેતનાને નચાવતા થકા પ્રશમરસને પીએ છે; પોતે પોતાના આનંદરૂપ

પરિણમનાર ધર્માત્માને, દુનિયામાં બીજા કોઈ માને કે ન માને–તેની સાથે શો સંબંધ છે? ઘણા જીવો ઓળખે ને બહુમાન કરે તેથી કાંઈ પોતાને શાંતિ મળી જાય, એમ નથી; તથા દુનિયાના જીવો ન ઓળખે કે આદર–સત્કાર ન કરે તેથી કાંઈ પોતાની શાંતિ ચાલી જાય–એમ નથી. અંતરમાં ચેતના વાળીને અંદરથી આનંદના નિધાન ખુલ્લા કર્યાં, –પર્યાયમાં તે નિધાનનું પરિણમન પ્રગટ્યું ત્યાં જીવ પોતે સ્વયં આનંદરૂપ–શાંતરસરૂપ થયો, તેમાં જગતના કોઈ બીજાની અપેક્ષા નથી. અરે, મારી ચેતનાને જ્યાં રાગ સાથેય સંબંધ નથી ત્યાં પર સાથે સંબંધ કેવો? એટલે જ્ઞાનચેતનાથી જુદી એવી અજ્ઞાનચેતનારૂપ જે કર્મચેતના કે કર્મફળચેતના, તેના કોઈપણ અંશને ધર્મીજીવ પોતાની જ્ઞાનચેતનામાં ભેળવતો નથી, તેથી તેનો તે કર્તા કે ભોક્તા પરમાર્થે નથી; જ્ઞાનચેતનારૂપે પરિણમતો–પરિણમતો તે મોક્ષને સાધે છે ને સાદિ અનંતકાળ આનંદરસને પીએ છે.

જેમ વડીલો મંગલપ્રસંગે આશીર્વાદ આપે છે કે તમે સુખી થાઓ, તેમ આનંદરસને પીનારા સંતો મોક્ષને સાધવાના પ્રસંગે મંગલઆશીર્વાદ આપે છે કે હે જીવો! તમે જ્ઞાનચેતનારૂપે પરિણમો ને સાદિઅનંતકાળ ચૈતન્યસુખને ભોગવ્યા કરો. –લ્યો, આ સુખી થવાના સાચા આશીષ! આ મંગળ દીવાળીની ઉત્તમ બોણી.

## એક મજાની વાત!

આજથી અઢી હજારવર્ષપહેલાં આપણી આ ભરતભૂમિમાં મહાવીરભગવાન સાક્ષાત્ અરિહંતપદે બિરાજમાન હતા; એ તો આપણે સૌ જાણીએ છીએ. –પણ બીજી વાત જાણીને તમને આનંદ થશે, –કે તે વખતે એકલા મહાવીરભગવાન જ નહિ–પરંતુ એમના જેવા જ સર્વજ્ઞપરમાત્મા બીજા ૭૦૦ (સાતસો) અરિહંતભગવંતો પણ એક સાથે આપણી આ ભરતભૂમિમાં વિચરતા હતા.

આહા! એક સાથે ૭૦૦ કેવળજ્ઞાની અરિહંત–જિનેન્દ્રભગવંતોનાં દર્શન થાય અને તે પણ આપણા આ ભારતદેશમાં, –માત્ર અઢીહજાર વર્ષ પહેલાં–એ કેવી મજાની વાત! ‘વાહ ભઈ વાહ’!

णमो लोए सव्व अरिहंताणं।

# આત્મધર્મ

## બત્રીસમા વર્ષનો મંગલ પ્રારંભ

આત્મધર્મનું આ ૩૨ મું વર્ષ એટલે મહાવીરભગવાનના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવનું મહાન વર્ષ! ‘આત્મધર્મ’ નું મહાન ભાગ્ય કે પ્રભુના આવા મહા મંગલ ઉત્સવમાં આનંદથી ભાગ લેવાનું ને તેનો પ્રચાર કરવાનું પરમ સૌભાગ્ય તેને મળ્યું. –એ રીતે, મોક્ષમાર્ગના દાતાર મહાવીરપ્રભુના પરમ ઉપકારને પ્રસિદ્ધ કરવાનો સોનેરી અવસર મળ્યો.

બંધુઓ, (સાથે બહેનો પણ ખરા), અહીં વારંવાર કહ્યું છે કે આ અવસર છે આત્માને સાધવાનો. અત્યારે વીરશાસનમાં શ્રીગુરુપ્રતાપે આત્માને સાધવાની સર્વ સામગ્રી સાક્ષાત્ મળી છે, તો હવે આવા ઉત્તમ કાર્યમાં વાર શા માટે લગાડવી? અત્યંત જાગૃત થઈને, આત્મામાં સમ્યક્ આરાધનાના ચૈતન્યદીવડા પ્રગટાવો ને વીરમાર્ગમાં પ્રવેશી જઈને વીરપ્રભુનો મહાન ઉત્સવ ઉજવો.

વીરનાથના જિનશાસનમાં, ‘આત્મધર્મ’ દ્વારા આપણે સૌ એક પરિવાર જેવા બની ગયા છીએ. ગમે તેટલા દૂરના ભિન્નભિન્ન બે પ્રાંતના માણસો મળે, –પણ જો બંને આત્મધર્મના વાંચનારા હોય તો, જાણે અત્યંત નિકટના પરિચિત એક પરિવારના જ હોય– એવો પરસ્પર પ્રેમ જાગી ઊઠે છે. આપણો આવો વાત્સલ્યસંબંધ આજકાલનો નહિ પણ ૩૨ વર્ષનો છે. આત્મધર્મના સમસ્ત પાઠકોને પોતાના સગા ભાઈ–બેનથીયે વિશેષ સમજીને સંપાદકે હંમેશાં તેમના પ્રત્યે નિર્દોષ વાત્સલ્યપ્રેમ વરસાવ્યો છે, ને સામેથી સમસ્ત પાઠકોએ પણ સંપાદક પ્રત્યે એવી જ લાગણીઓ દર્શાવી છે. ધાર્મિક વાત્સલ્યથી સમસ્ત સાધર્મીઓ આત્મસાધનામાં એકબીજાને પુષ્ટિ આપીએ–ને સૌ સાથે મળીને વીરશાસનને એવું તો શોભાવીએ–કે વીરનાથ પ્રભુ આપણને સાક્ષાત્ દર્શન આપે.

બાલવિભાગના બાળમિત્રો! આ મંગલ ઉત્સવ પ્રસંગે તમનેય હું કેમ ભૂલું? તમે સૌ જે ઉત્સાહથી–હોંશથી ભાગ લઈ રહ્યા છો તે માટે ધન્યવાદ! ને હજી ખૂબ–ખૂબ આગળ વધીને જૈનશાસનની ઘણી સેવા કરજો. –“જય મહાવીર.” –બ્ર. હ. જૈન

---

આત્મધર્મ વાર્ષિક લવાજમ છ રૂપિયા છેઃ આપે ન ભર્યું હોય તો તરત મોકલશો.
“આત્મધર્મ કાર્યાલય” સોનગઢ (૩૬૪૨૫૦)

# પુણ્ય-પાપના સાચા ન્યાયઅનુસાર કર્તા-કર્મના સ્વરૂપની સાચી સમજણ

**સમ્યગ્જ્ઞાનના ન્યાયથી સાચા કારણ-કાર્યને જે જાણતો નથી, ને એકલા અધકચરા ઇન્દ્રિયજ્ઞાનથી જ કર્તા-કર્મની કે કારણ-કાર્યની મિથ્યાકલ્પના કરે છે, તે જીવ મિથ્યાકલ્પના વડે કેવી ગંભીર ભૂલ કરે છે? ને સાચું જ્ઞાન તેની મિથ્યાકલ્પનાને કેવી તોડી નાંખે છે! તે આપ આ દ્રષ્ટાંત અને સિદ્ધાંતદ્વારા જોશો.**

એક હતો બાદશાહ! તેના ગામમાં એક શેઠ રહેતો હતો, તે નાસ્તિક જેવો હતો, પરલોકને કે પુણ્ય–પાપને માનતો ન હતો.

તે શેઠને ત્યાં એક બાળકનો જન્મ થયો. બાળક ઘણો સુંદર, અત્યંત કોમળ શરીરવાળો હતો.

એકવાર શેઠ હોંશે–હોંશે તે બાળકને લઇને બાદશાહ પાસે લઈ ગયો. બાદશાહે બાળકને દેખીને પ્રસન્નતા વ્યક્ત કરી; પણ બાળકનું અત્યંત કોમળરૂપ દેખીને એકાએક બાદશાહની બુદ્ધિ ફરી ગઈ...માંસાહારી બાદશાહને તે બાળકનું માંસ ખાવાનું મન થયું; ને શેઠને કહ્યું: શેઠજી! મને અત્યારે ભૂખ લાગી છે ને આ બાળકનું માંસ રાંધીને ખાવાની ભાવના થઈ છે, માટે આ બાળક આપી દો.

બાદશાહની વાત સાંભળતાં જ શેઠ તો ધ્રુજી ઊઠયો.! અરે, શું મારા આ એકના એક પુત્રને બાદશાહ ખાઈ જશે? –ના, ના? એ તો બહુ ખોટું થાય એણે તરત બાદશાહને કહ્યું–

ના, ના, જહાંપનાહ! એ તો બહુ ખોટું થાય! એ કાર્ય તમને ન શોભે.

ત્યારે બાદશાહે કહ્યું–જુઓ શેઠ! પુણ્ય–પાપને કે પરભવને તો તમે માનતા નથી; ને હું આ બાળકને ખાઈશ તેથી મારી ભૂખ મટીને મને સાતા થશે;–માટે તેમાં ખરાબ શું થયું? ખરાબ હોય તો તેનાથી મને દુઃખ થવું જોઈએ.–આમાં તો ઉલટું મારું ભૂખનું દુઃખ મટે છે!

બાદશાહની વાત સાંભળીને શેઠ તો ડઘાઈ જ ગયો! તે ઊંડા વિચારમાં પડી ગયો....ને તેની આંખ ઊઘડી ગઈ. એકાએક નાસ્તિકમાંથી તે આસ્તિક બની ગયો. જો પુત્રને બચાવવો હોય તો, પૂર્વજન્મને, અને પૂર્વજન્મના પુણ્ય–પાપનાં ફળને સ્વીકાર્યા સિવાય બીજો કોઈ આરોવારો જ ન રહ્યો. અંતે, જૈનસિદ્ધાંતઅનુસાર સાંભળેલા તત્ત્વનો તેણે સ્વીકાર કરવો પડયો, ને બાદશાહને કહ્યું–સાંભળો જહાંપનાહ! મારા પુત્રને ખાવાથી તમારું ભૂખનું દુઃખ મટશે–એ તમારી વાત સાચી નથી; જીવને સાતારૂપ સુખ, કે અસાતારૂપ દુઃખ, તેણે પૂર્વે કરેલા પુણ્ય–પાપ અનુસાર થાય છે; તમે સાતા થવાનું કહો છો તે પુત્રના માંસભક્ષણથી નહિ, પણ પૂર્વના સાતાકર્મના ઉદયથી થશે. અને વર્તમાન માંસભક્ષણના તીવ્ર કષાયભાવના ફળથી તો ભયંકર આકુળતા અને ભવિષ્યમાં નરકાદિની અનંતી અસાતા આવી પડશે. –માટે એવા તીવ્રપાપપરિણામને છોડો.

હે બાદશાહ! તમારી ક્ષુધા મટે છે તે કાંઈ માંસ ખાવાથી નથી મટતી, પણ તે પ્રકારના સાતાકર્મના ઉદયથી ભૂખ મટે છે; વર્તમાનમાં માંસ ખાવાના પરિણામ તો મહાન પાપરૂપ છે, તેના ફળમાં તો અશુભકર્મ બંધાશે ને મહાન દુઃખ મળશે. પૂર્વભવમાં પુણ્ય કર્યા તેનું ફળ અત્યારે દેખાય છે, કાંઈ વર્તમાન પાપનું તે ફળ નથી; વર્તમાન પાપનું ફળ ભવિષ્યમાં મહાન દુઃખરૂપ સંયોગ મળશે. –આ રીતે જીવ ભૂત–ભવિષ્યમાં ટકનાર છે ને પોતાના શુભ–અશુભનું ફળ ભોગવનાર છે. માટે હે બાદશાહ! તમે દુઃખદાયક એવા પાપ ભાવોને છોડો. સાતારૂપ સુખનું કારણ–કાર્યપણું માંસભક્ષણની સાથે નથી પણ પૂર્વના પુણ્ય સાથે છે. પાપનું ફળ તો દુઃખ જ છે. પાપના ફળમાં કદી સુખ હોય નહિ. માટે વસ્તુના કારણ–કાર્ય જોવામાં તમારી ભૂલ છે.

ડાહ્યો બાદશાહ તો શેઠની ન્યાયયુક્ત વાત સમજી ગયો ને પાપના ફળથી ભયભીત થઈને તેણે માંસભક્ષણના દુષ્ટ વિચાર છોડી દીધા.

આ વાત વધુ સ્પષ્ટ સમજવા માટે હજી થોડા દાખલા વિચારીએ–

જેમ કોઈ ચોરને ચોરી કરતાં પૈસા મળે તે કાંઈ ચોરીનું તો ફળ નથી, તે તો પૂર્વપુણ્યનું ફળ છે. જેમ કસાઈ ગાયો કાપે ને પૈસા મળે તે કાંઈ ગાયો કાપવાનું તો ફળ નથી; વર્તમાન ચોરી કે હિંસાદિના પાપભાવના ફળથી તો તે જીવને મહાન દુઃખ થશે. અત્યારે જે પૈસા મળે છે તે તો પૂર્વપુણ્યથી મળ્યા છે.

–ચોરી કરવી તે કારણ ને પૈસા મળ્યા તે કાર્ય,

–હિંસા કરવી તે કારણ ને પૈસા મળ્યા તે કાર્ય,

–એમ જો કોઈ માને તો તેને કારણ–કાર્યની ભયંકર ભૂલ છે. સાચાં કારણ–કાર્યને તે જાણતો નથી.

## તેવી જ રીતે-

ભાષા બોલાય, હાથ ઊંચો થાય, પુસ્તક લેવાય–મુકાય, અક્ષર લખાય,–એ બધી ક્રિયાઓ–કે જે આંખથી દેખાય છે, તે બધા જડનાં કાર્યો છે, અચેતન છે; તે અચેતન પદાર્થોનાં કાર્યો, ને જીવ તેનો કર્તા,–એમ જે માને છે તે પણ, ઉપરના દૃષ્ટાંતની જેમ જ, જીવ–અજીવના કારણ–કાર્યસંબંધમાં ભયંકર ભૂલ કરે છે.

ભાઈ, તે અચેતનકાર્યોમાં, કારણપણે જીવ હોય–એમ તને દેખાતું તો નથી. શું જીવને તેં તે અચેતનકાર્યો કરતાં દેખ્યો ? જીવને તેં દેખ્યો તો નથી, તેનું અસ્તિત્વ કેવું છે તેને પણ તું જાણતો નથી, તો જીવ કર્તા થયો–એ વાત તેં ક્યાંથી કાઢી ?

જે વસ્તુને તેં દેખી જ નથી તેના ઉપર મફતનો ખોટો આરોપ શા માટે નાંખે છે ? જો જીવને તેં દેખ્યો હોત તો તે તને ચૈતન્યસ્વરૂપ જ દેખાત, ને તે જડની ક્રિયાનો કર્તા થાય–એમ તું માનત જ નહીં. માટે દેખ્યા વગર તું જીવ ઉપર અજીવના કર્તૃત્વનું મિથ્યા આળ ન નાંખ...જો ખોટું આળ નાંખીશ તો તને મોટું પાપ લાગશે. ( –જેમ રાજાએ માંસ ખાવાથી સુખ થવાનું માન્યું તેમ. )

કોઈ રાજમહેલમાં ચોરી થઈ...એક સજ્જન માણસ રાજમહેલથી દૂર રહે છે, કદી રાજમહેલમાં આવ્યો પણ નથી. છતાં બીજો કોઈ માણસ તેના ઉપર કલંક નાંખે કે ચોરીનો કર્તા આ માણસ છે !

તે કલંક નાંખનારને પૂછીએ છીએ કે–હે ભાઈ !

* શું તે માણસને રાજમહેલમાં ચોરી કરતાં જોયો હતો ? –ના;
* શું તે માણસને તું ઓળખે છે ? –ના;
* શું તે માણસની પાસે તેં ચોરીનો માલ જોયો છે ? –ના.

અરે, દુષ્ટ ! જે માણસને તેં ચોરી કરતાં જોયો નથી, જે માણસ રાજમહેલમાં આવ્યો નથી, જે માણસને તું ઓળખતો પણ નથી, અને જે માણસ પાસે ચોરીનો

માલ હોવાની કોઈ નિશાની પણ નથી, એવા સજ્જન માણસ ઉપર ચોરીનું મિથ્યા કલંક તું નાંખે છે તો તેથી તને મહાન પાપ લાગશે.

તેમ–જડ–અચેતન–પુદ્ગલના મહેલરૂપ આ શરીર, તેમાં કોઈ કાર્ય થયું–હાલવું–બોલવું–ખાવું વગેરે ક્રિયા થઈ; બીજું ચેતનતત્ત્વ તેનાથી દૂર એટલે કે જુદું રહે છે, તે કદી પુદ્ગલમાં જતું પણ નથી, –પુદ્ગલરૂપ થતું નથી, છતાં અજ્ઞાની તેના ઉપર કલંક–આરોપ નાંખે છે કે જડની આ ક્રિયાનો કર્તા જીવ છે.

તે કલંક નાખનારને જ્ઞાની પૂછે છે કે હે ભાઈ!

* શું તે જીવને જડની ક્રિયા કરતો તેં જોયો છે? ...ના.
* શું તે જીવને (અતીન્દ્રિય અરૂપી ચેતનતત્ત્વને) તું ઓળખે છે? ...ના.
* શું જીવની અંદર તેં પુદ્ગલની કોઈ ક્રિયા જોઈ છે? ...ના.

તો પછી અરે અજ્ઞાની! જે જીવતત્ત્વને જડનું કામ કરતાં તું દેખતો નથી, જે જીવતત્ત્વ શરીરના પુદ્ગલની અંદર આવ્યું નથી, જે જીવતત્ત્વને તું ઓળખતો પણ નથી, અને જે જીવતત્ત્વમાં અજીવની કોઈ નિશાની પણ નથી–એવા નિર્દોષ સત્ ચૈતન્યતત્ત્વ ઉપર તું જડ પુદ્ગલ સાથેના સંબંધનો મિથ્યાઆરોપ નાંખે છે–તો તેથી તને મિથ્યાત્વનું પાપ લાગશે. ચૈતન્યતત્ત્વનો તું અવર્ણવાદ કરી રહ્યો છે, તે મોટો અપરાધ છે.

માટે –

જેમ માંસ ખાવું ને સાતા થવી, તે બંને એકકાળે હોવા છતાં બંનેનાં કારણ–કાર્ય ભિન્ન–ભિન્ન છે;

જેમ ગાયો કાપવી ને પૈસા મળવા, તે બંનેનાં કાર્ય–કારણ ભિન્ન–ભિન્ન છે;

તેમ જડની ક્રિયા ને જ્ઞાનની ક્રિયા–બંને એકસાથે હોવા છતાં બંનેનાં કારણકાર્ય તદ્ન ભિન્ન–ભિન્ન છે. દરેક તત્ત્વના સાચા કારણ–કાર્યને જાણ, જીવના કારણ–કાર્યને જીવમાં જાણ ને અજીવના કારણ–કાર્યને અજીવના જાણ;–આવું ભેદજ્ઞાન તે જૈનધર્મની ઉત્તમ નીતિ છે; તે જૈન નીતિનું પાલન કરનાર જીવ મોક્ષને સાધે છે; ને જૈન નીતિનું ઉલ્લંઘન કરનાર (એટલે કે જડ–ચેતનના કારણ–કાર્યને એકબીજામાં ભેળવી દેનાર) સંસારની જેલમાં પુરાય છે. જડ–ચેતનનું સર્વથા ભેદજ્ઞાન કરો...ને ભવથી છૂટો.

# માર્ગની શરૂઆત

## ધર્મીજીવ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને આનંદથી સર્વજ્ઞના માર્ગે ચાલ્યો જાય છે.

(મુમુક્ષુઓને માટે મહત્ત્વની મૂળ વાત)

આત્મકલ્યાણના માર્ગની, મોક્ષના માર્ગની કે જૈનધર્મની શરૂઆત ક્યારે થાય?

આ બાબતમાં અત્યંત ભારપૂર્વક ગુરુદેવ વારંવાર કહે છે કે: આત્માની સર્વજ્ઞતાને પામેલા એવા સર્વજ્ઞભગવાન આ જગતમાં વિદ્યમાન છે, અને આત્મામાં એવો સર્વજ્ઞસ્વભાવ છે, –આમ સર્વજ્ઞસ્વભાવની ઓળખાણ અને પ્રતીત કરે ત્યારે જ જીવને મોક્ષના માર્ગની કે ધર્મની શરૂઆત થાય છે.–આથી કહ્યું છે કે "ધર્મનું મૂળ સર્વજ્ઞ છે."

હવે પ્રશ્ન એ થાય છે કે–એવા સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કઈ રીતે થાય?

તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે રાગથી ભિન્ન એવા જ્ઞાનવડે જ સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થાય છે, રાગ વડે તેનો સાચો નિર્ણય થઈ શકતો નથી, 'સર્વજ્ઞતા' નો સ્વીકાર કરવા જતાં જ્ઞાન રાગથી છૂટું પડીને નિર્વિકલ્પ થઈ જાય છે.

સર્વજ્ઞની શ્રદ્ધા કહો, આત્માના સ્વભાવની શ્રદ્ધા કહો, કે મોક્ષતત્ત્વની શ્રદ્ધા કહો, તેની શ્રદ્ધા વગર ધર્મની શરૂઆત કોઈ રીતે થાય નહિ.

હવે જે સર્વજ્ઞ હોય તે વીતરાગ જ હોય; ને જે વીતરાગ હોય તેનો જ ઉપદેશ પ્રમાણભૂત હોય; એટલે સર્વજ્ઞની વાણીમાં જે જીવાદિ પદાર્થો કહ્યાં છે તે જ સત્ય છે. (બીજા સંતો સર્વજ્ઞની વાણી અનુસાર જે ઉપદેશ આપે છે તે સત્ય છે.) જીવ જ્યાંસુધી સર્વજ્ઞનો નિર્ણય ન કરે ત્યાંસુધી તેને જિનવાણીરૂપ આગમની શ્રદ્ધામાં પણ નિ:શંકતા આવે જ નહિ, એટલે 'આ શાસ્ત્રમાં કહ્યું છે તે પરમ સત્ય છે'–એવી દ્રઢતા આવે નહિ, ને એવા નિર્ણય વગર જ્ઞાન તે માર્ગે આગળ જવાનું કામ કરી શકે નહિ. જે સર્વજ્ઞદેવનો નિર્ણય ન કરે તે તેમની વાણીરૂપ શાસ્ત્રનો પણ નિર્ણય કરી શકે નહિ.

સર્વજ્ઞની જેને ઓળખાણ નથી તેને દેવ–ગુરુ–શાસ્ત્રની, કે નવતત્ત્વની પણ શ્રદ્ધા હોતી નથી, તત્ત્વશ્રદ્ધા વગર તે આત્માને સાધી શકે નહિ, તેને સાચું ધ્યાન હોય નહિ,

તેને ધર્મની શરૂઆત પણ થઈ શકતી નથી. જેને શુદ્ધજ્ઞાનની પ્રતીત નથી તેને મોક્ષની પ્રતીત નથી, ને મોક્ષની પ્રતીત વગર મોક્ષમાર્ગ પણ હોતો નથી.

જેના મતમાં સર્વજ્ઞનું સાચું સ્વરૂપ નથી તેને ધર્મનો કોઈ અંશ હોતો નથી. માટે અત્યંત ભારપૂર્વક સંતો વારંવાર કહે છે કે હે ભવ્ય જીવો! સર્વજ્ઞસ્વભાવી આત્માનો નિર્ણય કરો. એ નિર્ણયમાં અપૂર્વ આનંદસહિત ધર્મની શરૂઆત થાય છે. એ જ વાત શ્રી પ્રવચનસારમાં કુંદકુંદસ્વામી કહે છે કે જે અરિહંતના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખે છે તે પોતાના આત્માને પણ તેવો જ ઓળખે છે, ને મોહનો નાશ થઈને તેને સમ્યગ્દર્શન થાય છે. અહો, સર્વજ્ઞની ઓળખાણમાં તો ઘણી ગંભીરતા છે.

સમયસારની ૩૧ મી ગાથામાં પણ કહ્યું છે કે પોતાના અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ વિજ્ઞાનઘન ભગવાન આત્માને જે અતીન્દ્રિય જ્ઞાનવડે અનુભવે છે, તે જીવ ઇન્દ્રિયોને જીતનારો છે, એટલે કે ઇન્દ્રિયોથી ભિન્ન અતીન્દ્રિયજ્ઞાનરૂપે પોતાને અનુભવનારો છે; તે જ સર્વજ્ઞ કેવળીભગવાનને ઓળખીને તેમની પરમાર્થસ્તુતિ ( આરાધના ) કરનારો છે.

શ્રી કાર્તિકસ્વામી પણ ધર્મઅનુપ્રેક્ષાના પ્રારંભમાં જ કહે છે કે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞનો નિર્ણય કરતાં તેમણે કહેલાં જીવાદિ તત્ત્વોનો સાચો નિર્ણય થાય છે, ને ત્યાંથી માર્ગની શરૂઆત થાય છે. સર્વજ્ઞના સ્વરૂપનો સાચો નિર્ણય કરે ને મોક્ષમાર્ગ શરૂ ન થાય–એમ બને નહિ. સાધકના જ્ઞાનમાં સર્વજ્ઞદેવ સદા બિરાજી રહ્યા છે; તેના જ્ઞાનમાં સર્વજ્ઞનો કદી અભાવ નથી, એટલે તેને સર્વજ્ઞનો કદી વિરહ નથી. સર્વજ્ઞ સ્વભાવને સદાય અંતરમાં ( શ્રદ્ધા–જ્ઞાનમાં ) રાખીને તે આનંદથી સર્વજ્ઞના માર્ગે ચાલ્યો જાય છે.

## પૂર્ણતાના લક્ષે સાચી શરૂઆત

પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ સાચી શરૂઆત છે. પૂર્ણતા એટલે સર્વજ્ઞતા, તે સર્વજ્ઞતાના નિર્ણયપૂર્વક જ મોક્ષના માર્ગની સાચી શરૂઆત થાય છે. સર્વજ્ઞસ્વરૂપનો જે નિર્ણય કરે તે રાગને કદી ધર્મ ન માને, કેમકે સર્વજ્ઞતા સાથે રાગ કદી હોતો નથી, સર્વજ્ઞતા હોય ત્યાં વીતરાગતા જ હોય છે. એટલે સર્વજ્ઞતાના લક્ષે મોક્ષને સાધવા જે ઉપડયો તે સાધક સમસ્ત રાગભાવોથી છૂટો પડયો. સર્વજ્ઞસ્વરૂપનો જે સ્વીકાર નથી કરતો તે પોતાને રાગસ્વરૂપે જ અનુભવે છે, ને રાગના અનુભવવડે વીતરાગમાર્ગની શરૂઆત કદી થઈ શકતી નથી. રાગથી જુદી એવી જ્ઞાન અનુભૂતિવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

# વીરનાથનો માર્ગ

**વીરનાથના મોક્ષમાર્ગમાં જ્ઞાનનું લક્ષ્ય નિજ-આત્મા છે.**
**ભરતક્ષેત્રના જીવો પર કુંદકુંદસ્વામીનો પરમ ઉપકાર છે.**

વીરનાથના મોક્ષમાર્ગનું જ્ઞાન કેવું છે? તે બોધપ્રાભૃતમાં આચાર્યદેવ બતાવે છે. જે જ્ઞાન અતીન્દ્રિય થઈને આત્મામાં પહોંચી ગયું, રાગથી પાર થઈને, ઇન્દ્રિયોથી પાર થઈને, અતીન્દ્રિય આનંદમય આત્મા જેણે પ્રત્યક્ષ કર્યો તે અતીન્દ્રિયજ્ઞાન જ જિનમાર્ગની સાચી મુદ્રા છે–તે જ સાચી નિશાની છે. આવું જ્ઞાન કેમ થાય તે આ સમયસારાદિમાં આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવ્યું છે. અહો, સીમંધર તીર્થંકર પાસે જઈને આવું અપૂર્વ શ્રુતજ્ઞાન કુંદકુંદસ્વામીએ ભરતક્ષેત્રના જીવોને આપીને અપાર ઉપકાર કર્યો છે.

મોક્ષમાર્ગમાં 'જ્ઞાન' કોને કહેવું?

શુદ્ધ આત્માને જે નિશાન બનાવે, એટલે કે સીધું આત્માની સન્મુખ થઈને તેને જે સાધે તે જ જ્ઞાન મોક્ષમાર્ગનું જ્ઞાન છે; એના વગરનું એકલું બહારનું શાસ્ત્ર–ભણતર કે દ્વીપ–સમુદ્ર વગેરેનું જ્ઞાન, તેને ખરેખર જ્ઞાન કહેતા નથી, કેમકે તે જ્ઞાન મોક્ષને સાધતું નથી, આત્માને નિશાન બનાવતું નથી. મહાવીરાદિ તીર્થંકરદેવની દેશના તો એવી છે કે જ્ઞાનને સ્વસન્મુખ કરી, આત્માને નિશાન બનાવીને તેને સાધો.

જ્ઞાનનું સ્વરૂપ જાણતાં આત્માનું સ્વરૂપ જણાય છે, કેમકે જ્ઞાનનું લક્ષ્ય આત્મા છે; જેમ તીર પોતાના લક્ષ્યની સન્મુખ થઈને તેને વેધે છે તેમ સમ્યગ્જ્ઞાનરૂપી સૂક્ષ્મબાણ, પોતાના લક્ષ્યરૂપ શુદ્ધાત્માની સન્મુખ થઈને તેને વેધે છે–અનુભવે છે. આવું લક્ષ્યવેધીજ્ઞાન તે મોક્ષનું સાધક છે. તે જ્ઞાન, રાગને પોતાનું નિશાન નથી બનાવતું, રાગથી પાર થઈને શુદ્ધાત્મામાં પહોંચી જાય છે. માટે હે ભવ્યજીવો! જ્ઞાનનું આવું સ્વરૂપ જાણીને તેની ભક્તિથી આરાધના કરો આવા જ્ઞાન વગર નથી સંયમ હોતો, કે નથી ધ્યાન હોતું. ભલે પંચમહાવ્રત કરતો હોય તોપણ જ્ઞાન વગરના જીવને અસંયમી અને સંસારમાર્ગી જ કહ્યો

છે. અને જ્ઞાનવડે જેણે શુદ્ધાત્માને ધ્યેય કર્યો છે તે અસંયમી હોય તોપણ મોક્ષમાર્ગી છે.

णाणम् आदत्थं એટલે આત્મામાં જે સ્થિત છે તે જ જિનમાર્ગમાં સાચું જ્ઞાન છે, અથવા–આત્મા જેનો અર્થ છે–આત્મા જ જેનું પ્રયોજન છે એવું જ્ઞાન તે જ જિનમાર્ગનું જ્ઞાન છે. જેમાં આત્માનું પ્રયોજન ન સધાય, નિજસ્વરૂપ ન સધાય, એવા શાસ્ત્રભણતરને પણ જિનમાર્ગમાં 'જ્ઞાન' કહેતા નથી.

જે જાણે તે જ્ઞાન;–કોને જાણે? પોતાના લક્ષ્યરૂપ શુદ્ધાત્માને જાણે, તે જ્ઞાન છે. જેમ, બાણ તેને કહેવાય કે જે પોતાના લક્ષ્યને વેધે; તેમ, પોતાના પરમાત્મસ્વરૂપને જે વેધે–જાણે–અનુભવે તેને જ જૈનશાસનમાં જ્ઞાન કહેવાય છે. જેને સાધવાનું છે એવા નિજસ્વરૂપને જે ન સાધે તેને જ્ઞાન કેમ કહેવાય?

જ્ઞાનનું લક્ષ્ય કાંઈ રાગ નથી; જ્ઞાનથી અભિન્ન એવું આત્મસ્વરૂપ તે જ જ્ઞાનનું લક્ષ્ય છે. આવા લક્ષ્યને વેધવું–જાણવું તે તો (અર્જુનની જેમ) અત્યંત ધીરાનું કામ છે; ચંચળમનવડે આત્મા સાધી શકાય નહિ. આત્માને સાધવા જે જ્ઞાન અંતરમાં વળ્યું તે તો અત્યંત ધીર છે–શાંત છે–અનાકુળ છે, અનંતગુણના મધુરસ્વાદને એક સાથે આત્મસાત કરતું તે જ્ઞાન પ્રગટે છે, ચૈતન્યરસનો અતીન્દ્રિયસ્વાદ તેમાં ભર્યો છે. આવા જ્ઞાનને ઓળખીને આત્માને સાધવો–તે ભગવાન વીરનાથનો માર્ગ છે.

* * *

## જ્ઞાનનું નિશાન શુદ્ધઆત્મા; જ્ઞાનીના વિનયવડે તેને જાણ

જે જીવ પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે વિનયવંત છે તે મોક્ષમાર્ગના જ્ઞાનને પામે છે; તે જ્ઞાન પામીને તે જીવ મોક્ષમાર્ગના લક્ષ્યરૂપ પરમ આત્મસ્વરૂપને લખે છે–જાણે છે–અનુભવે છે. આવું જ્ઞાન જૈનમાર્ગમાં જ્ઞાનીઓની જ પરંપરાથી મળે છે; તેથી જેને જ્ઞાનીના વિનય–બહુમાન ન હોય તે જીવ સાચા જ્ઞાનને પામી શકતો નથી. સર્વજ્ઞપરંપરાના જ્ઞાની–આચાર્યોનો વિનય છોડીને જેઓ જૈનમાર્ગથી જુદા પડયા તેઓ મોક્ષમાર્ગનું સાચું જ્ઞાન પામી શકતા નથી.

જ્ઞાનીનો ખરો વિનય પણ ત્યારે થાય કે જ્યારે તેના જ્ઞાનનું સાચું સ્વરૂપ ઓળખે, ઓળખ્યા વગર બહુમાન કોનું? જ્ઞાનનું ધનુષ ને શ્રદ્ધાના બાણવડે ધર્મીજીવ પરમાત્મસ્વરૂપને લક્ષ્યરૂપ કરીને મોક્ષમાર્ગને સાધે છે; તે પોતાના લક્ષ્યને ચુકતો નથી. ભાઈ, તારું લક્ષ્ય તો

સાચુ કર. લક્ષ્ય જ જેનું ખોટું તે જીવ તેને ક્યાંથી સાધી શકે? લક્ષ્ય હોય પૂર્વ તરફ, ને નિશાન તાકે પશ્ચિમ તરફ, તો તે લક્ષ્યને સાધી શકે નહીં, તેનું નિશાન નકામું જાય; તેમ મોક્ષમાર્ગમાં લક્ષ્યરૂપ તો રાગવગરનો ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેના તરફ લક્ષ કરવાને બદલે તેનાથી વિરુદ્ધ એવા શુભરાગને લક્ષ્ય બનાવે તો તેના લક્ષે મોક્ષમાર્ગનું નિશાન કદી સાધી શકાય નહીં. માટે હે ભવ્ય! પહેલાં તો તું જ્ઞાની પાસેથી લક્ષ્યરૂપ શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન કર, ને તેને જ ધ્યેયરૂપ બનાવીને ધ્યાવ. તેના ધ્યેયે તારો મોક્ષમાર્ગ સધાશે જ્ઞાની પાસેથી સત્ય માર્ગ જાણતાં, માર્ગ સંબંધી તારી મુંઝવણ મટી જશે; ને તારું જ્ઞાન પોતાના સાચા નિશાન તરફ (એટલે કે શુદ્ધઆત્મા તરફ) ઝુકી જશે, શુદ્ધાત્માના આશ્રયે સુખેસુખે મોક્ષમાર્ગ તને સધાશે.

જ્ઞાની–ગુરુગમે શુદ્ધાત્મારૂપ લક્ષ્યને જે જાણતો નથી ને રાગ વડે મોક્ષમાર્ગ સાધવા માંગે છે તેને માર્ગની પ્રાપ્તિ કદી થતી નથી. મોક્ષમાર્ગ તો વીતરાગ–સુખરૂપ છે, ને રાગ તો દુઃખરૂપ છે; પોતે દુઃખરૂપ એવો રાગ તે મોક્ષસુખનું કારણ કેમ થાય? બોધસ્વરૂપ આત્માને જે બુઝે–જાણે તે જ સાચો બોધ છે. બોધસ્વરૂપને ન જાણે તેને બોધ કોણ કહે? રાગમાં કાંઈ એવી તાકાત નથી કે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે જ્ઞાનસ્વરૂપ આત્મા જેમાં જણાય એવા બોધનો ઉપદેશ મહાવીર ભગવાને મોક્ષમાર્ગમાં કર્યો છે.

શ્રીગુરુ પાસે જઈ વિનયવંત શિષ્યે પૂછયું–હે પ્રભો! જ્ઞાનની પ્રાપ્તિ કરાવો.

ત્યારે શ્રીગુરુ કૃપા કરીને તેને એમ કહે છે કે હે ભવ્ય! જ્ઞાનની પ્રાપ્તિ અંતર્મુખ આત્મામાંથી થાય છે માટે તું બહારનું (અમારું પણ) લક્ષ છોડીને તારા આત્માની સન્મુખ થા. પરને લક્ષ્ય બનાવતાં જ્ઞાનપ્રાપ્તિ નહિ થાય; સ્વ આત્માને લક્ષ્ય બનાવતાં તને જ્ઞાનપ્રાપ્તિ થશે.

અહો, જૈનશાસનનું અલૌકિક જ્ઞાન, કુંદકુંદાચાર્યદેવે પ્રસિદ્ધ કર્યું છે. અહા, જૈનગુરુઓ કેવા પરમ નિઃસ્પૃહ છે! તેઓ પોતાનો પણ આશ્રય છોડવાનું કહીને જીવને નિજસ્વભાવનો જ આશ્રય કરાવે છે. આવા વીતરાગી નિસ્પૃહ ગુરુઓએ બતાવેલા સત્ય મોક્ષમાર્ગનો આશ્રય છોડીને જેઓએ કુગુરુના કુમાર્ગનો આશ્રય લીધો તેઓ પોતાના હિતને ચૂકીને પોતાનું અહિત કરી રહ્યા છે. તેવા જીવો ઉપર કરુણા કરીને આ વીતરાગી સંતોએ સત્ય માર્ગ જગતમાં પ્રસિદ્ધ કર્યો છે. ભાઈ, આ માર્ગની આરાધનાથી જ તને મોક્ષમાર્ગનું સાચું જ્ઞાન થશે, ને અલ્પકાળમાં તારા ભવદુઃખનો અંત આવી જશે. માટે જિનમાર્ગને જાણીને ભક્તિથી આત્માની આરાધના કર.

# આત્મસ્વભાવના અપ્રતિઘાતરૂપ પરમ ઇષ્ટ સત્યસુખ અને તે ઇષ્ટની પ્રાપ્તિનો માર્ગ

[ કહાન–સોસાયટી, “ચૈતન્યધામ” માં વાસ્તુપ્રસંગે પ્રવચન:પ્રવચનસાર ગા. ૬૧ ]

( વીર સં. ૨૫૦૦ આસો વદ પાંચમ તથા છઠ્ઠ )

**પૂર્ણસુખને પામેલા પરમાત્મા વર્દ્ધમાનદેવ મોક્ષ પધાર્યા તેના અઢીહજાર વર્ષની પૂર્ણતાનો મહાન મંગલ મહોત્સવ અભૂતપૂર્વ ઉત્સાહથી ભારતભરમાં પ્રારંભ થઈ ચુક્યો છે. -જે પરમ સુખને પ્રભુ પામ્યા, જે ઇષ્ટ પદ પ્રભુએ પ્રાપ્ત કર્યું, તે પરમ સુખ, ને પરમ ઇષ્ટ પદ આપણને પણ કેમ મળે તે વાત ભગવાન કુંદકુંદસ્વામીએ પ્રવચનસારમાં પ્રસિદ્ધ કરી છે; મુમુક્ષુઓ તે માર્ગે પરમ સુખને પામો....ને મોક્ષનો ઉત્સવ આનંદથી ઊજવો.**

જેમ જ્ઞાન આત્માનો સ્વભાવ છે તેમ સુખ પણ આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવનો ઘાત કરનાર મોહ–રાગ–દ્વેષ છે. જ્ઞાનસ્વભાવી આત્માની અનુભૂતિવડે જ્યાં શુદ્ધોપયોગદ્વારા મોહ–રાગ–દ્વેષનો ક્ષય થાય છે ત્યાં આત્માના સ્વભાવનો ઘાત થતો નથી; એ રીતે શુદ્ધોપયોગવડે સ્વભાવ–પ્રતિઘાતનો અભાવ થતાં, જ્ઞાન અને સુખ પોતાના સ્વભાવપણે ખીલી જાય છે; આ રીતે સર્વજ્ઞ થયેલા આત્માને પોતાના સ્વભાવથી જ પરિપૂર્ણ જ્ઞાન ને સુખ હોય છે. પોતાના સ્વભાવથી જુદું બીજું કોઈ સુખનું સાધન નથી.

અભેદવિવક્ષાથી જે જ્ઞાન છે તે જ સુખ છે. જ્ઞાન ને સુખ બંને આત્માના સ્વભાવ જ છે. આવા સ્વભાવવાળી વસ્તુમાં વસવું–તેમાં લીન થઈને રહેવું તે સ્વઘરનું વાસ્તુ છે, ને તેમાં પરમ સુખ છે.

ભાઈ, તારું સુખ અંતરમાં છે, બહારમાં નથી. સુખની પ્રાપ્તિ અંતરની અનુ–

ભૂતિમાં થાય છે, બહારથી થતી નથી. સુખસ્વભાવ કહો કે જ્ઞાનસ્વભાવ કહો; સુખસ્વભાવ કહો કે આત્મા કહો. આવા સ્વભાવરૂપ આત્મા જેની પ્રતીતમાં આવ્યો તે જીવ પોતાનું સુખ પોતામાં જ દેખે છે. સુખ તે જ ઇષ્ટ છે; એટલે પોતાનું ઇષ્ટ પોતામાં દેખ્યું; તેને સુખ માટે બહારમાં ભટકવાનું મટયું. –સુખરૂપ પોતાના આનંદધામ–ચૈતન્યધામમાં આવીને તે વસ્યો.

અહા, ચૈતન્યતત્ત્વ–જેનો સર્વજ્ઞસ્વભાવ, જેનો સુખસ્વભાવ, તેના અલૌકિક મૂલ્યનું શું કહેવું? એ તો અનુભવની ચીજ છે. એનો સ્વીકાર કરતાં જ પર્યાયમાં તેનો પ્રવાહ આવે છે, ને પૂર્ણતા થતાં લોકાલોકને જાણનાર કેવળજ્ઞાન પ્રગટે છે. અહો, કેવળજ્ઞાન મહાન સ્વતંત્ર છે, સર્વોત્કૃષ્ટ મંગળ છે, ને તેમાં કાંઈપણ અનિષ્ટ ( મોહાદિ ) રહ્યું નથી, પૂર્ણસુખરૂપ ઇષ્ટની તેમાં પ્રાપ્તિ છે, અહો, અરિહંતપદમાં સર્વઇષ્ટની પ્રાપ્તિ છે, દુઃખનો નાશ છે.

આત્માનું ઇષ્ટ શું? પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ સુખ તે ઇષ્ટ છે, વહાલું છે, સુંદર છે. એ જ આનંદરૂપ છે. એના વગર બીજે ક્યાંય જો સુખ માનતો હોય તો તે મૂરખ છે.

આવા આત્મસ્વભાવને લક્ષમાં લઈને જે સાધક થયો તેને અતીન્દ્રિયજ્ઞાનનો અંશ ખીલ્યો છે, ને તે અતીન્દ્રિયજ્ઞાનની સાથે અતીન્દ્રિયસુખનો અનુભવ પણ અભેદપણે છે. આ જ્ઞાન, આ સુખ, એવા ભેદો સુખની અનુભૂતિમાં રહેતા નથી. અનંતગુણનો સ્વાદ અભેદ એકરસપણે સુખના વેદનમાં ભર્યો છે. આવા આત્માને જે જાણશે–અનુભવશે ને તેમાં ઠરશે તે પોતે જ ઉત્તમસુખરૂપ થઈ જશે–એમ આચાર્યદેવે સમયસારની છેલ્લી ગાથામાં કહ્યું છે. તેને સર્વઇષ્ટની પ્રાપ્તિ થઈ છે; તેથી જગતના જીવોને માટે પણ તે પરમ–ઇષ્ટ ( પરમેષ્ઠી ) છે.

અરે જીવ! આત્માના આવા સ્વભાવનો ભરોસો તો કર! તારે ધર્મની ખરી કમાણી કરવી હોય તો આવા સ્વભાવને લક્ષમાં લે. ભગવાન મહાવીરના મોક્ષના અઢીહજારવર્ષનો મહોત્સવ, –તેમાં ખરું તો આ કરવાનું છે; આવા આત્માની સમજણ તે મહાવીરપ્રભુનો ઉપદેશ છે. એવા સ્વભાવની સમજણ જેણે કરી તેણે જ મહાવીરપ્રભુની આજ્ઞા માની, ને તેણે જ ભગવાનના મોક્ષનો સાચો મહોત્સવ પોતાના આત્મામાં ઉજવ્યો. એના વગર બહારની એકલી ધામધૂમથી આત્માને ધર્મની કમાણી થતી નથી. –શુભરાગ થાય પણ તેનાથી મોક્ષરૂપ ઈષ્ટની પ્રાપ્તિ થતી નથી.

આત્માને અનિષ્ટ શું? કે દુઃખ; તેના કારણરૂપ અજ્ઞાન ને રાગ–દ્વેષ તે અનિષ્ટ છે.

આત્માને ઇષ્ટ શું? સુખ; તેના કારણરૂપ અતીન્દ્રિયજ્ઞાન તે ઇષ્ટ છે. જેણે આત્માનું સુખ જાણ્યું–માણ્યું–અનુભવ્યું તે જીવ ધર્મી છે; તે જીવ અતીન્દ્રિયજ્ઞાનવડે સુખના ધામમાં પરમાત્મા પાસે પહોંચી ગયો. હવે દુનિયામાં બીજે ક્યાંય તેને સુખ ભાસતું નથી; આત્મા સિવાય જગતમાં બીજે ક્યાંય તેનું ચિત્ત ચોટતું નથી, ને બીજું કાંઈ તેને ઇષ્ટ લાગતું નથી. ('જગત ઇષ્ટ નહિ આત્મથી') અરે, ચૈતન્યસુખની અતીન્દ્રિય શાંતિને વેદનારો જીવ તે કષાયની (શુભ કે અશુભરાગરૂપ) ગરમીમાં કેમ રહી શકે? જેમ શીતળજળમાં રહેલું માછલું તડકામાં કે અગ્નિમાં રહી શકતું નથી, તેમ ચૈતન્યના શાંત–શીતળ અમૃતનો સ્વાદ ચાખનારા ધર્માત્માને શુભરાગમાં કે અશુભરાગમાં ક્યાંય ચેન પડતું નથી, તેમાં ક્યાંય શાંતિ લાગતી નથી. શાંતિનું ધામ તો પોતામાં છે.

જુઓને, પાંચપાંડવો અહીં (શત્રુંજય પર) મુનિદશામાં પધાર્યા હતા, અંદર ચૈતન્યની શાંતિના ધામમાં પ્રવેશીને મહાન સુખને અનુભવનારા તે વીતરાગી સંતો! શત્રુંજય ઉપર ધ્યાનમાં અપૂર્વ સુખને વેદતા હતા. ત્યાં દુર્યોધનના ભાણેજે ભયંકર અગ્નિનો ઉપસર્ગ કર્યો. પાંડવોનું શરીર બળવા લાગ્યું, પણ યુધિષ્ઠિર–ભીમ–અર્જુન તો દેહનું કે પોતાના ભાઈઓનું પણ લક્ષ છોડીને, ચૈતન્યની શાંતિના વેદનમાં એવા મશગુલ થયા કે તે જ વખતે કેવળજ્ઞાન પામીને દેહાતીત સિદ્ધપદને પામ્યા. બીજા બે મુનિઓને, પોતાના શરીરનો તો વિકલ્પ ન આવ્યો, પણ વાત્સલ્યને લીધે આટલો વિચાર આવ્યો કે યુધિષ્ઠિર વગેરેનું શું થતું હશે! ચૈતન્યની શાંતિના વેદનમાંથી જરાક બહાર આવીને આટલો શુભવિચાર ઊઠયો તેનાથી સ્વભાવનો પ્રતિઘાત થયો, ને કેવળજ્ઞાન અટકી ગયું; રાગને લીધે તેમને સર્વાર્થસિદ્ધિનો અવતાર થયો.

–આ રીતે રાગનો કણિયો પણ જીવને અનિષ્ટ છે, અને તે સર્વ–ઇષ્ટરૂપ એવા કેવળજ્ઞાનને રોકે છે; કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં રાગનો કણિયો પણ પાલવે તેમ નથી. અરે ચૈતન્યનાથ! આવો ઈષ્ટ તારો સ્વભાવ–તેના પ્રેમથી એકવાર ડોલએ જા!–આનંદિત થા! તારો આવો સ્વભાવ, તેનાથી સુંદર બીજાું કાંઈ જગતમાં નથી.

– વિસ્તારથી બસ થાઓ. આવા સુંદર–અદ્‌ભુત સુખસ્વભાવનો અત્યારે જ ઉલ્લાસથી સ્વીકાર કરો. જે ભવ્યજીવ આત્માના આવા સુખસ્વભાવનો અત્યારે જ સ્વીકાર કરે છે તે અલ્પકાળમાં જ મોક્ષને સાધે છે, ને ફરીને માતાના ઉદરમાં આવતો નથી. –અશરીરી થઈને સદાકાળ સિદ્ધાલયમાં વસે છે. –એણે જ સ્વઘરમાં વાસ્તુ કર્યું.

કેવળીભગવંતોને પૂર્ણ અતીન્દ્રિયસુખ છે, તે પરમાર્થસુખ છે. સંસારીજીવોને પુણ્યફળમાં જે સુખ કહેવામાં આવે છે તે કાંઈ પરમાર્થ સુખ નથી, લોકોની અપરમાર્થ રૂઢિથી જ તેને સુખ કહેવાય છે, ખરેખર તો પુણ્યફળ ભોગવવાનું વલણ તે આકુળતા છે–દુઃખ છે. અરે, ક્યાં ચૈતન્યનું અતીન્દ્રિયસુખ! ને ક્યાં ઇન્દ્રિયવિષયોની આકુળતા! એ બંનેને એક કોણ કહે? ચૈતન્યસુખના સ્વાદને જેણે જાણ્યો છે તેને તો સર્વે ઇન્દ્રિયવિષયો (–પુણ્યો અને તેનાં ફળો) માં જરાય સુખ ભાસતું નથી, અને તે જ સર્વજ્ઞના પરમાર્થ આત્મિકસુખનો સ્વીકાર કરી શકે છે.

સર્વજ્ઞના 'એકાંત સુખ' નો જેણે સાચો સ્વીકાર કર્યો તે જીવ 'એકાંતદુઃખી' હોય જ નહિ, તેણે પણ ચૈતન્યસુખનો નિજરસ ચાખી લીધો છે. સર્વજ્ઞની અપેક્ષાએ ભલે થોડું–પણ ઇન્દ્રિયવિષયો વગરનું, આત્મામાંથી જ આવેલું સુખ સમ્યગ્દષ્ટિધર્માત્મા વેદે છે. છતાં હજી તેનેય જેટલો ઇન્દ્રિયો સાથે સંબંધ છે તેટલું દુઃખ છે. એટલે તેને 'એકાંતસુખી' ન કહ્યા; સુખી તો છે, પણ એકાંત સુખી (પૂર્ણ સુખી) નથી; પૂર્ણ સુખ સર્વજ્ઞોને છે, તેથી તેઓને જ 'એકાંતસુખી' કહ્યા છે. અહો, આવા એકાંત સુખી સર્વજ્ઞભગવંતોના અસ્તિત્વનો જે જ્ઞાનમાં સ્વીકાર થયો તે જ્ઞાન રાગમાં–પુણ્યમાં–વિષયોમાં ક્યાંય અટકે નહિ, તે અતીન્દ્રિયસુખને સ્વીકારનારું જ્ઞાન પોતે અતીન્દ્રિય થઈને આત્માના સુખનું સંવેદન કરે છે.

જુઓ, આ એકલા સર્વજ્ઞની વાત નથી, તેને સ્વીકારનારો સાધક–સમ્યગ્દષ્ટિ પણ તેવા અતીન્દ્રિયસુખની જાતમાં ભળીને તેનો સ્વીકાર કરે છે. –અતીન્દ્રિયસુખમાં પોતાના આત્માને ભેગો ભેળવીને જ તેની પ્રતીત થાય છે. સર્વજ્ઞના અતીન્દ્રિયસુખનો સ્વીકાર કરનારને તેના સુખનો અંશ પોતામાં ન પ્રગટે–એમ બને નહીં. –માટે આચાર્ય ભગવાન સુખપ્રત્યેના પ્રમોદથી કહે છે કે અહો, સર્વજ્ઞના આવા સુખનો જે હમણાં જ (સાંભળતાવેંત જ) સ્વીકાર કરે છે–શ્રદ્ધા કરે છે–તે જીવ આસન્નભવ્ય છે–મોક્ષસુખનો ભાજન છે, એટલે કે વર્તમાનમાં સાધક તો થયો છે ને પૂર્ણ મોક્ષસુખને અલ્પકાળમાં જ પામશે.

હે ભાઈ! અર્હન્તોનું આવું ઉત્કૃષ્ટ સુખ તને વહાલું છેને! તે તને ઇષ્ટ લાગે છેને! –હા; તો તેવું સુખ તારા આત્માનો સ્વભાવ જ છે; જેમ જ્ઞાન તારો સહજ સ્વભાવ છે તેમ સુખ પણ તારો સહજ સ્વભાવ છે. તારો સ્વભાવ જ પરિણમીને એવા ઉત્કૃષ્ટ સુખરૂપે થશે. –માટે બાહ્યવિષયોની અપેક્ષા છોડીને, તારા આત્મસ્વભાવને જ સાધન બનાવ. તારું સુખ તને તારામાં વેદાશે.

અતીન્દ્રિય આત્માનું સુખ પોતામાં જેણે ન દેખ્યું તેણે અજ્ઞાનથી ઇન્દ્રિયોની મિત્રતા કરીને વિષયોમાં સુખ શોધ્યું, એટલે મહામોહરૂપી મિથ્યાત્વથી તેઓ હણાઈ ગયા. આંખ–કાન–હાથ વગેરે ઇન્દ્રિયો વગર જાણે હું જાણી જ નહીં શકું, એના વગર જાણે હું જીવી જ નહિ શકું –એમ માનતો થકો અજ્ઞાનીજીવ ઇન્દ્રિયોવડે જ પોતાનું જીવન માનતો થકો તે ઇન્દ્રિયોની મિત્રતા કરે છે. ઇન્દ્રિયોની સાથે મિત્રતાનો સંબંધ માન્યો એટલે અતીન્દ્રિયસ્વભાવ સાથેનો સંબંધ છોડયો, તેથી તે જીવ મોહથી ઇન્દ્રિયવિષયોમાં આકુળ–વ્યાકુળ વર્તતો થકો દુઃખને જ ભોગવતો થકો સંસારમાં રખડે છે. પણ જે ધર્માત્માએ સર્વજ્ઞને ઓળખીને પોતાના આત્માના અતીન્દ્રિયસુખને પ્રતીતમાં લીધું છે તે જીવ ઇન્દ્રિયવિષયોમાં જરાય સુખ માનતો નથી એટલે ઇન્દ્રિયો સાથે જરાય મિત્રતા નથી કરતો પણ તેનાથી અત્યંત જુદાઈ કરે છે ને પોતાના અતીન્દ્રિયસુખની સાથે પરિણતિને જોડીને તેની મૈત્રી કરે છે, તેમાં જ વર્તતો થકો તે મોક્ષસુખને સાધે છે. સદાકાળ પોતાના સ્વભાવથી જ તે મહાન સુખરૂપે પરિણમ્યા કરે છે.

અહો ભવ્યજીવો! હોંશથી આત્માના સુખસ્વભાવનો સ્વીકાર કરો. સુખ અંતરમાં છે, બહારમાં નથી. બહારનું આશ્ચર્ય છોડીને આત્માનું આશ્ચર્ય કરો.

ઇન્દ્રિયવિષયભૂત પદાર્થો આત્માના સ્વભાવથી વિપરીત છે; તેમાં સુખની કલ્પના કરવી તે તો સુખસ્વભાવી આત્માનો અનાદર છે. અરેરે! 'મારામાં સુખ નથી ને પરમાં સુખ છે' –એમ માનનારા જીવો આત્માના દુશ્મન અને વિષયોના મિત્ર થઈને સંસારમાં ન રખડે તો ક્યાં જાય? વિષયોમાં સુખ માનનારા બધા અજ્ઞાની જીવો (સ્વર્ગના દેવો પણ) એકાંતદુઃખી જ છે. સાધક જ્ઞાની ભલે છદ્મસ્થ હોય તોપણ તે આત્માના સુખને જાણનારા છે ને વિષયોમાં ક્યાંય સુખની કલ્પના કરતા નથી, તેથી તેઓ એકાંત દુઃખી નથી, પણ જેટલો અતીન્દ્રિયસ્વભાવ પ્રગટયો છે તેટલું તેમને અતીન્દ્રિયસુખ નિરંતર વર્તે છે.

* * *

તીર્થંકરોનો ઉપદેશ કેવો હતો તે વાત કુંદકુંદાચાર્યદેવે સ્પષ્ટ બતાવીને તીર્થંકરના વિરહ ભૂલાવી દીધા છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે પણ અલૌકિક ટીકા વડે કુંદકુંદપ્રભુના હૃદયના ગંભીર રહસ્ય ખોલીને ગણધર જેવું કામ કર્યું છે. વાહ! અંદરથી ચૈતન્યનો પાવર ફાટી જાય–એવી ટીકા છે, જરાક અંદર લક્ષમાં લ્યે તો મુમુક્ષુને તો અંદરની દશા ફરી જાય.

# કરોડો ઉપાયે પણ સમ્યગ્જ્ઞાન કરો
# ધન-વૈભવાદિ સુખને માટે કાંઈ કામનાં નથી

દુર્લભ મનુષ્યપણું અને જિનવાણીનું શ્રવણ પામીને આત્મજ્ઞાન કરવાનું કહ્યું. હવે કહે છે કે જીવને ધન–વૈભવ વગેરે સુખને માટે કાંઈ કામ આવતા નથી, એક સમ્યગ્જ્ઞાન જ સુખનું કારણ છે, ને તે પોતાનું સ્વરૂપ છે. માટે કરોડો ઉપાયવડે પણ સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને અંતરમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો–

**ધન-સમાજ ગજ બાજ રાજ તો કાજ ન આવે.**
**જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવે.**
**તાસ જ્ઞાનકો કારણ સ્વ-પર વિવેક વખાનો,**
**કોટિ ઉપાય બનાય ભવ્ય! તાકો ઉર આનૌ. ૭.**

હે જીવ! તારા હિતને માટે ધન–સમાજ કુટુંબ–પરિવાર હાથી–ઘોડા મોટર–બંગલા કે રાજ્ય–પ્રધાનપદ વગેરે તો કાંઈ કામ આવતા નથી; તેમ જ તે કાયમ રહેતા પણ નથી; તારા હિતનું કારણ તો સમ્યગ્જ્ઞાન છે; તે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, એટલે તે જ્ઞાન થયા પછી અચળ રહે છે, સ્વ–પરના વિવેકરૂપ ભેદજ્ઞાન તે આવા સમ્યગ્જ્ઞાનનું કારણ કહ્યું છે. શાસ્ત્રોએ આ ભેદજ્ઞાનને વખાણ્યું છે–પ્રશંસ્યું છે; માટે હે ભવ્યજીવો! તમે કરોડો ઉપાય વડે પણ આ ભેદજ્ઞાનને અંતરમાં પ્રગટ કરો તેનાથી તમારું હિત અને મોક્ષ થશે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે શું ચીજ છે? તેને ઓળખવી જોઈએ. શરીર અજીવ છે, પુણ્ય–પાપ તો આસ્રવ છે, તેનાથી જુદા ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખવો. આત્મા આનંદકંદ જિનેન્દ્ર છે, માટે કરોડો ઉપાય કરીને પણ, ગમે તેવી પ્રતિકૂળતા આવે તે સહન કરીને પણ, સ્વ–પરના ભેદજ્ઞાનવડે આત્માને ઓળખો સમયસારમાં તો એમ કહ્યું છે કે તું મરીને પણ ચૈતન્યતત્ત્વને જાણવાનો કુતૂહલી થા અને શરીરાદિથી ભિન્ન આત્માને

અનુભવમાં લે. 'મરીને પણ' એમ કહીને ઉત્કૃષ્ટ પ્રયત્નની વાત લીધી છે, એટલે કે મરણ જેટલી પ્રતિકૂળતા આવી પડે તોપણ તેને ગણકાર્યા વગર, ચૈતન્યતત્ત્વને ઓળખવાનો ઉત્કૃષ્ટ રસ જગાડ.

અરે, જો પોતે પોતાના આત્માને ન ઓળખ્યો તો કરોડો–અબજો રૂપિયા હોય કે સારા પુત્ર–પરિવાર હોય તેથી શું? સમાજમાં માન–આબરૂ હોય ને લોકો વખાણ કરે તેથી આત્માને શું લાભ? અરે, બીજી ચીજ તો કામ ન આવે, પણ પોતાનો શુભભાવ પણ આત્માના હિતમાં કામ નથી આવતો. હિતનું કારણ તો એક જ છે કે રાગથી પાર આત્માનું સાચું જ્ઞાન કરવું. તે જ્ઞાન કોઈ બહારના ઉપાયથી નથી આવતું પણ આત્માનું જ સ્વરૂપ છે; અને આત્મા સાથે સદા મોક્ષમાંય અવિચળપણે રહે છે રાગ અને સંયોગ તો છૂટી જાય છે કેમકે તે આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, તે કદી છૂટતું નથી. સ્વ–પરના ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં આવું સમ્યગ્જ્ઞાન થાય છે. માટે હે ભાઈ! કરોડો ઉપાય કરીને પણ આવા જ્ઞાનને અંતરમાં પ્રગટ કરો. ભલે બહારમાં ચારેકોરની હજારો પ્રતિકૂળતા હો, ધન ન હોય, કુટુંબ ન હોય, શરીર સરખું ન હોય, સમાજમાં માન–આબરૂ ન હોય, તિરસ્કાર થતો હોય, તે બધાનું લક્ષ છોડીને, તે બધાથી ભિન્ન એવા તારા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવાનો સર્વપ્રકારે ઉદ્યમ કર; કરોડો ઉપાય કરીને પણ આત્માને જાણ એટલે કે કરોડો પ્રતિકૂળતાની વચ્ચે પણ હિંમત ન હારતાં નિરંતર આત્માને જાણવાના પ્રયત્નમાં લાગ્યો જ રહે. બહારની કોઈ પ્રતિકૂળતા આત્માને જાણવામાં નડી શકતી નથી, તેમ જ બહારમાં ધન વગેરેની અનુકૂળતા આત્માને જાણવામાં મદદ પણ કરી શકતી નથી. બહારની પ્રતિકૂળતા કે અનુકૂળતા એ બંનેથી આત્મા જુદો છે. આવા જુદાપણાના અભ્યાસવડે સ્વ–પરનું ભેદજ્ઞાન કરતાં સમ્યગ્જ્ઞાન થાય છે; તે જ્ઞાન જ તને શરણરૂપ છે, બીજા ભવમાં કે મોક્ષમાં પણ તે તારી સાથે જ રહેશે, કેમકે તે આત્માના સ્વભાવની ચીજ છે.

ધન–શરીર–રાજ–કુટુંબ એ કાંઈ આત્માના સ્વભાવની ચીજ નથી, તે તો બહારની ચીજ છે. રાગ પણ જ્યાં આત્માના સ્વરૂપની ચીજ નથી ત્યાં બીજાની શી વાત? આત્માના સ્વરૂપની ચીજ તો સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન કહેતાં અનંતા ગુણો પણ સાથે સમજવા. ભાઈ, તારો ચેતનસ્વભાવ તને સુખનું કારણ છે. જડલક્ષ્મીના ઢગલા કાંઈ તને સુખનું કારણ નથી; તેના લક્ષે તું મમતા કરીશ તો તે તને પાપનું નિમિત્ત થશે. કદાચિત દાનાદિમાં રાગની મંદતા કરીશ તો તે રાગ પણ કાંઈ આત્માને શરણ દેનાર નથી. ચૈતન્ય–

સ્વરૂપ આત્મા હું તેનાથી જુદો છું એમ જાણીને આત્મામાં ઉપયોગ જોડતાં જે અપૂર્વ અતીન્દ્રિય આનંદ વેદાય છે, તે આનંદ આપવાની તાકાત જગતના કોઈ પદાર્થમાં નથી. ધનના ઢગલા આત્માને હિતનું કારણ થતા નથી, તેમ નિર્ધનતા તે કાંઈ આત્માના હિતમાં નડતી નથી. અરે, આ શરીર જ આત્માનું નથી ત્યાં બીજાની શી વાત? જ્ઞાની તો શરીરને એક વસ્ત્રસમાન પોતાથી જુદું જાણે છે; શરીરરૂપી વસ્ત્ર ફાટે–તૂટે–બદલે તેથી કાંઈ આત્મા ફાટતો–તૂટતો કે મરતો નથી. ચારેકોરની શરીરની પીડા વચ્ચે પણ જેમાં વિશ્રામ લેતાં પરમ શાંતિનું વેદન થાય એવો હું આત્મા છું. બહારમાં શરીર સળગતું હોય ને અંદર આત્મા તો આનંદસમુદ્રમાં પરમશાંતિ વેદતો હોય. –કેમકે શરીર જુદું છે, આત્મા જુદો છે. જુઓને, આ શત્રુંજય ઉપર પાંડવો કેવા ધ્યાનમાં ઉભા છે! બહારમાં શરીર તો સળગે છે પણ તેઓ તો અંદર આત્માની શાંતિમાં ઠરી ગયા છે; તેમાં એવા મશગુલ છે કે શરીર બાળનાર પ્રત્યે ક્રોધનો વિકલ્પ પણ થતો નથી. અરે! સાથેના બીજા ભાઈઓનું શું થાય છે તે જોવાની પણ વૃત્તિ ઊઠતી નથી, આત્માની પરમશાંતિમાં લીન થઈ, કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામે છે. વાહ, જુઓ આત્માની તાકાત! એક જ કાળે શરીર બળે છે, આત્મા ઠરે છે–એમ બંને તત્ત્વોની ક્રિયા તદ્દન જુદી છે. આમ ભેદજ્ઞાન કરીને આત્માનું સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ. આવું સમ્યગ્જ્ઞાન તે જ સાચો વિવેક છે. દેહ અને આત્મા એક છે, અથવા શુભરાગ જીવને જ્ઞાનનું સાધન છે–એવી બુદ્ધિ તે તો મોટો અવિવેક છે, તેમાં આત્માનું અહિત છે. ભલે બહારમાં બીજા અનેક ડહાપણ દેખાડતો હોય પણ જેને દેહથી ભિન્ન ને રાગથી ભિન્ન આત્માનું ભાન નથી તે જીવ પરમાર્થમાં અવિવેકી છે, તેને આત્માનું હિત થતું નથી. અને કોઈને ભલે બહારનાં ડહાપણ કદાચિત ન આવડતા હોય, પણ અંતરમાં સ્વ–પરની ભિન્નતાના વિવેક વડે જેણે આત્માનું સમ્યગ્જ્ઞાન કર્યું છે તે મહાન વિવેકી છે. સમ્યગ્જ્ઞાન તે જ સાચો વિવેક છે, તેમાં જ આત્માનું હિત છે.

ભલે મોટા રાજપાટ હોય પણ જો આત્માની દરકાર ન કરે, માંસ ખાય, શિકાર કરે, તો એવા પાપી જીવો નરકે જાય;–ત્યાં રાજપાટ વૈભવ તેને શું કરે? હજારો દેવો જેની સેવા કરતા હતા–એવા સુભૌમચક્રવર્તી પણ આત્માને ભૂલીને વિષયકષાયમાં તીવ્ર લીનતાને લીધે નરકમાં ગયો; ત્યાં તેને કોઇ સહાયરૂપ થયું નહીં, તો બીજાની શી વાત? આત્મા સિવાય બીજું બધું તો અશરણ છે–એમ જાણીને, તે રાજપાટને છોડીને અંતરમાં ચૈતન્યના શરણે અનેક જીવોએ આત્માનું હિત સાધ્યું છે. ભરતરાજ જેવા ચક્રવર્તી છ ખંડના રાજમાં ક્યાંય સુખ માનતા ન હતા, તેનાથી ભિન્ન આત્માના ચૈતન્યસુખને જાણતા હતા, તેથી

રાજપાટ છોડીને આત્મામાં લીન થઈ મુક્તિ પામ્યા. આ રીતે જ્ઞાનીને બહારમાં રાજપાટ હોય, છતાં તેનાથી ભિન્ન આત્મા હું છું ને મારા આત્મામાં મારા અનંતગુણનું સામ્રાજ્ય છે, –એવું ભેદજ્ઞાન તેને વર્તે છે. રાજપાટને આત્માથી જુદા જાણીને જ્ઞાનીનું જ્ઞાન તેનાથી વિરક્ત જ વર્તે છે. રાજ અને રાગ બંનેથી જુદું પડેલું જ્ઞાન આત્માના સ્વભાવમાં એકત્વરૂપ થયું છે, તે અતીન્દ્રિયશાંતિ સહિત છે. અહા, આ સમ્યગ્જ્ઞાનનો મહિમા અપૂર્વ છે. તે જ સર્વત્ર સદાકાળ જીવને શરણરૂપ છે. બીજું કાંઈ જીવને આત્મહિત માટે કામ આવતું નથી. મરવા ટાણે હજારો નોકર–ચાકર ને સ્ત્રી–પુત્રાદિ સેવામાં હાજર હોય, સ્વર્ગમાં મોટા દેવ પાસે બીજા હજારો દેવો ખમા–ખમા કરીને સેવા કરતા હોય, –પણ કોની સેવા? શરીરની સેવા કરે અંદર આત્મા તો અજ્ઞાનને લીધે મિથ્યાભાવોથી દુઃખી થઇ રહ્યો છે, તેને બીજા શું કરે? શું નોકર–ચાકર, સ્ત્રી–પુત્ર, ધનના ઢગલા કે દેવો–તે કોઈ તે આત્માને અજ્ઞાનના દુઃખથી છોડાવવા સમર્થ છે? –ના; માટે હે જીવ! તું વિચાર કે એ કોઈ ચીજ આત્માની શાંતિ માટે કામની નથી. તો તે સિવાયની પોતાની ચીજ શું છે કે જે પોતાની શાંતિ માટે સદાય ગમે તે પ્રસંગે કામ આવે! –એવું તો સમ્યગ્જ્ઞાન છે, તે પોતે શાંતિસ્વરૂપ છે એટલે જ્યારે જોઈએ ત્યારે સદાય શાંતિ આપે છે, તે પોતાની જ ચીજ છે. હે ભાઈ! આવા સમ્યગ્જ્ઞાનને લક્ષમાં લઈને તેનો તું ઉદ્યમ કર. થોડોક ઉદ્યમ કરીને અટકી ન જઈશ, કરોડો ઉપાય વડે પણ આવું સમ્યગ્જ્ઞાન કરજે.

અહો, મારું તો જ્ઞાન છે; જ્ઞાન તે હું છું, જ્ઞાન સિવાય બીજું કાંઈ મારું નથી. જ્ઞાન તેને કહેવાય કે જેમાં રાગનો અંશ પણ ન હોય. રાગના કોઈ અંશને જ્ઞાન પોતામાં ભેળવતું નથી. એકકોર જ્ઞાન તે આત્મા, બીજીકોર રાગ અને રાગનાં ફળ તે બધાય જ્ઞાનથી જુદા, આત્માથી જુદા, –એમ બે ભાગ પાડીને ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે.

શુભાશુભરાગ પુણ્ય–પાપ કે તેનાં ફળ–એ કોઈ પોતાનું આત્મરૂપ નથી, તેથી તે કોઈ આત્માના હિતમાં કામ આવતાં નથી; તે બધાથી પાર પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તે જ પોતાનું નિજરૂપ છે, તેમાં શુભાશુભવિકલ્પો નથી. આવું નિજરૂપ જ્ઞાન તે જ આત્માને સર્વત્ર શાંતિ દેનારું છે. આવું સમ્યગ્જ્ઞાન થયું તે આત્માની પોતાની ચીજ છે, તે આત્માના સ્વભાવમાંથી થયેલું છે તેથી આત્મા સાથે તે અચલ રહે છે. તેની સાથે સમ્યક્શ્રદ્ધા–શાંતિ–સુખ–વીતરાગતા વગેરે અનંત સ્વભાવો છે; પરંતુ રાગ કે પુણ્ય તે કાંઈ જ્ઞાનમાં સમાતા નથી; તે તો જ્ઞાનથી જુદા છે, પરભાવ છે, ને બીજી ક્ષણે આત્માથી છૂટા પડી જાય છે, આત્માની સાથે તે અચલ રહેનારાં નથી, કેમકે તે આત્માનું નિજરૂપ નથી.

અરે, ચૈતન્યચીજ અંદર અનંત ગુણસહિત છે તે જ મારું નિજરૂપ છે; મારા ચૈતન્યરૂપમાં શુભવિકલ્પનો એક અંશ પણ સમાય તેમ નથી; પુણ્ય પણ કાંઈ આત્માના હિતને માટે કામ આવતું નથી. –આ પ્રમાણે હે ભવ્ય જીવ! તું શુભાશુભરાગથી પણ રહિત એવા ચૈતન્યમય નિજરૂપને ઓળખ. સ્વ–પરના વિવેકમાં રાગને પણ ચૈતન્યથી જુદો જાણવાનું આવ્યું. અહો, આવું સ્વ–પરનું ભેદજ્ઞાન પ્રશંસનીય છે. સર્વે સંતોએ ભેદજ્ઞાનની પ્રશંસા કરી છે. કેવું ભેદજ્ઞાન? –કે જે ઉપયોગમાં રાગના કોઈ અંશને ન ભેળવે; રાગથી સર્વથા જુદો થઈને ઉપયોગ અંતર્મુખ થઇને ઉપયોગમાં જ તન્મયપણે ઠરે,–એવું ભેદજ્ઞાન અત્યંત પ્રશંસનીય છે. આવું ભેદજ્ઞાન જીવને અપૂર્વ આનંદ પમાડતું પ્રગટે છે, તે પરમ હિતરૂપ મોક્ષનું કારણ છે. આવા ભેદજ્ઞાન વગર શુભરાગ કરે તોપણ તેમાં આત્માનું હિત જરાય નથી; ઉલ્ટું એમાં સંતોષ માનીને મનુષ્યભવ હારી જવા જેવું છે.–

**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? તે તો કહો;**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો?**
**વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અરેરે! એક ક્ષણ તમને હવો.!**

ભાઈ, લક્ષ્મી વગેરેની મમતા આડે જો તું આત્માનું હિત સાધવાનું ભૂલી થઈશ તો આવા મનુષ્યઅવતારને તું હારી જઈશ. એ લક્ષ્મી વગેરેના વધવામાં કાંઈ આત્માનું સુખ નથી; અરે, પુણ્યનું વધવાપણું એ પણ સંસાર જ છે, એમાં કાંઈ આત્માનું સુખ નથી. બાપુ! અત્યારે તો હવે સંસાર છેદાય ને આત્માનું સુખ મળે એવો ઉપાય કર. સમ્યગ્જ્ઞાન વડે આત્માને ઓળખવાનો શીઘ્ર ઉદ્યમ કર. આત્માને ભેદજ્ઞાન–પર્યાયરૂપી જે સુપુત્ર છે તે જ આત્માનું કલ્યાણ કરનાર છે. બહારના સુપુત્ર કાંઈ આત્માને શરણરૂપ થતા નથી. સંયોગો તો ચલાયમાન છે, તે ચાલ્યા જશે; સવારનો સંયોગ સાંજે નહિ દેખાય; સવારમાં જેનો રાજ્યાભિષેક થતો જોયો હોય, સાંજે જ તેની ચિતા બળતી દેખાય! એ સંયોગ કાંઈ આત્માની ચીજ નથી. જ્ઞાન તે આત્માનું નિજસ્વરૂપ હોવાથી આત્મા સાથે અચલ રહે છે. શુભરાગ પણ ચલાયમાન છે, તે કાંઈ અચલ નથી–સ્થિર નથી–શરણ નથી–આત્માનું નિજરૂપ નથી. રાગથી ભિન્ન આત્માના ધ્યાન વડે પરિણમેલું જ્ઞાન તે અચલ છે. તે આત્માનું નિજરૂપ હોવાથી આ લોકમાં કે પરલોકમાં પણ એવું ને એવું ટકી રહેશે. આત્મા જ પોતે પોતાના સ્વભાવથી તેના જ્ઞાનરૂપ થયો તે હવે કેમ છૂટે? તે જ્ઞાન સદાય

આત્મા સાથે અભેદ રહેતું થકું આત્માને પરમ સુખ આપે છે. માટે હે જીવ! તું સમ્યગ્જ્ઞાન પ્રગટ કર. સર્વપ્રકારના ઉદ્યમ વડે વારંવાર ભેદજ્ઞાનના અભ્યાસથી અંતર્મુખ થઈને તું જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર.

[ છઢાળા–પ્રવચનમાંથીઃ બાકીનો ભાગ આવતા અંકમાં વાંચશોજી ]

## મુમુક્ષુ નો વ્યવહાર

* કોઈ પણ સાધર્મીના કોઈ સદ્ગુણની પ્રશંસા થતી હોય તો તે દેખીને હે જીવ! તું આનંદિત થાજે; ઈર્ષા કરીશ નહીં.

* સાધર્મીના ગુણની ઈર્ષા તે ધર્મનો જ અનાદર છે, ગુણની વિરાધના છે.

* અને સાધર્મી ઉપર અસત્ કલંક નાંખવાનો ભાવ, તે તો ધર્મના અવર્ણવાદનું મહાન પાપ છે.

* સંસારમાં જીવોને જે તીવ્ર અપજશ–પ્રતિકૂળતા વગેરે દુઃખો આવી પડે છે, તે તેણે પોતે પૂર્વે દેવ–ગુરુ–સાધર્મીની નિંદા–વિરાધના કરેલી હોય તેનું જ ભયંકર પાપફળ છે. –આમ સમજીને દેવ–ગુરુ–ધર્મની વિશેષ આરાધના કરવી.

* સાચા ભાવથી દેવ–ગુરુ–ધર્મનું સેવન કરનારને સંસારનાં કોઈ દુઃખ ટકી શકે નહિ.

* માટે હે જીવ! તું પરમ સ્નેહથી સર્વજ્ઞદેવના ધર્મને જ શરણરૂપ જાણીને તેની આરાધના કર, ગુરુઓની સેવા કર ને સાધર્મીને સ્વજનરૂપે દેખીને પ્રસન્ન થા.

* દેવ–ગુરુ–સાધર્મી પ્રત્યે મુમુક્ષુનો વ્યવહાર ઘણો ઊંચો હોય છે. પોતે જે સર્વોત્તમ વીતરાગમાર્ગને સાધી રહ્યો છે તે જ માર્ગમાં પોતાના સાથીદાર સાધર્મીઓને દેખીને તેનું ચિત્ત હર્ષથી ખીલી ઊઠે છે; તથા પોતાને આવો સર્વોત્તમ માર્ગ જેમના પ્રતાપે મળ્યો છે એવા દેવ–ગુરુ પ્રત્યે ભક્તિ બહુમાનથી તેનું ચિત્ત ભીંજાઈ જાય છે. આથી જગતના લૌકિક સંબંધો કરતાં સાધર્મી પ્રત્યેનો તેનો સ્નેહ–વ્યવહાર કોઈ જુદી જાતનો હોય છે. વાહ રે વાહ! એનો અંદરનો અનુભવ તો ઉત્તમ છે ને બહારનો વ્યવહાર પણ મોક્ષમાર્ગની સાથે શોભે તેવો ઉત્તમ હોય છે. એવા મુમુક્ષુના ઉત્તમ નિશ્ચય–વ્યવહારથી જિનમાર્ગ શોભી રહ્યો છે.

# ⚜ આત્માના સર્વજ્ઞસ્વભાવની અદ્‌ભુતતા ⚜

આ વિશ્વમાં અનંત જીવો, અનંત અજીવ પુદ્‌ગલો, અને તે દરેકમાં અનંત ગુણ–પર્યાયોની વિચિત્રતાનો પાર નથી, આવા વિચિત્ર અનંતાનંત જ્ઞેયો, તે બધાયનો કેવળજ્ઞાન એકસાથે પાર પામી જાય છે; અનંત દ્રવ્યો છે, અનંત ક્ષેત્ર છે, અનંત કાળ છે ને અનંત ભાવો છે–તે સમસ્ત દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જ્ઞાન પોતાની અચિંત્ય–અદ્‌ભુત પરમ તાકાત વડે એક સમયમાં રાગ–દ્વેષ વગર જાણે છે. –આવો જ્ઞાનસ્વભાવી આત્મા છે. એની પ્રતીત કરે તો જ સર્વજ્ઞ–અરિહંતદેવનો સાચો સ્વીકાર થઈ શકે છે, કેમકે સર્વજ્ઞને એવો જ્ઞાનસ્વભાવ પ્રગટ છે. –આવા કેવળજ્ઞાનનો દિવ્યમહિમા લક્ષમાં આવતાં તેના ફળમાં જરૂર સમ્યગ્દર્શન થાય છે. કેવળજ્ઞાનનો આ મહિમા કાંઈ કેવળીભગવાનને નથી સમજાવતા, પણ જેને પોતાનું હિત કરવું છે, જેને આત્માનું સ્વરૂપ ઓળખવું છે –એવા ભવ્ય જીવને જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે, –તે સ્વરૂપને ઓળખતાં જ રાગને ઓળંગીને તે જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખતા વડે અદ્‌ભુત જ્ઞાન–શ્રદ્ધાનરૂપે પરિણમવા માંડે છે. એટલે આ સમ્યગ્દર્શન પામવાની રીત છે.

૧. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને રાગની અદ્‌ભુતતા લાગે નહિ.

૨. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તે જેમાંથી સર્વજ્ઞતા આવી તેમાં જાય.

૩. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તે રાગથી છૂટો પડીને જ્ઞાનરૂપ થઈ જાય.

૪. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને પોતામાં ચૈતન્યનો ચમત્કાર ભાસે.

૫. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને જગતના કોઈ પદાર્થનું આશ્ચર્ય ન રહે.

૬. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય.

૭. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને પોતામાં ભવઅંતના ભણકાર આવી જાય.

૮. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને જ અરિહંત અને સિદ્ધની ભક્તિ હોય.

૯. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને પોતાનો પૂર્ણ આત્મા પ્રતીતમાં આવે.

૧૦. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેણે જ સર્વજ્ઞની વાણી ને જાણી છે.

૧૧. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તેને જ મોક્ષતત્ત્વની શ્રદ્ધા થાય છે.

૧૨. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તે જ સર્વજ્ઞના માર્ગમાં આવ્યો છે.

૧૩. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તે જ અતીન્દ્રિયસુખની શ્રદ્ધા કરી શકે.

૧૪. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગે તે જ જિતેન્દ્રિય–જૈન થઈ શકે.

૧૫. જેને સર્વજ્ઞતાની અદ્‌ભુતતા લાગી તે જીવ સર્વજ્ઞનો પુત્ર (સાધક) થયો.

૧૬. અહો, સર્વજ્ઞતા સુંદર છે, કલ્યાણરૂપ છે, આનંદકારી અનુપમ અને અદ્‌ભુત છે!

–આવી અદ્‌ભુત સર્વજ્ઞતા આત્માનો સ્વભાવ જ છે–એવો ઇષ્ટ ઉપદેશ આપીને ભગવાન મહાવીરે ભવ્યજીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી તેમના મોક્ષના અઢીહજારવર્ષના આ ભવ્ય મહોત્સવની ઉજવણી પ્રસંગે ઘણી જ ભક્તિભાવભીની શ્રદ્ધા–અંજલી આપણે અર્પણ કરીએ છીએ. –जय महावीर

## મુમુક્ષુને માટે સાવ સહેલો, -પણ મહત્વનો મંત્ર

એક રાજાના વૃદ્ધમંત્રીને પરિવારમાં સેંકડો સભ્યો હતા; બધા સાથે રહેતા હતા, છતાં તેમનામાં એવો એકસંપ હતો કે આખા ગામમાં તે વખણાતો.

રાજાને આશ્ચર્ય થયું કે એક જ પરિવારમાં આટલા બધા માણસો સાથે રહેવા છતાં કોઈ જાતના કલેશ વગર એકદમ શાંતિથી બધા કેમ રહી શકતા હશે?

તે વાતનું રહસ્ય જાણવા રાજા પોતે મંત્રીના ઘરે ગયો. સત્કારવિધિ બાદ રાજાએ મંત્રીને પૂછ્યું કે તમારા આવડા મહાન પરિવારમાં આવી એકતાનું કારણ શું છે?

વૃદ્ધ–મંત્રીજીએ કાંઈ જવાબ આપવાને બદલે એક કાગળમાં એકસો શબ્દ લખી આપ્યા, ને કહ્યું કે અમારા વિશાળ પરિવારમાં એકતાનું કારણ આ કાગળમાં લખેલ મંત્ર છે.

રાજાએ એકાંતમાં જઈને ઉત્સુકતાથી કાગળ ખોલીને મંત્ર વાંચ્યો–અને તે આશ્ચર્યચક્તિ થઈ ગયો. કાગળમાં માત્ર એક જ શબ્દ ૧૦૦ વાર લખ્યો હતો–

‘સહનશીલતા’ ‘સહનશીલતા’ ‘સહનશીલતા’ .....

બસ, શાંતિ માટે સહનશીલતા એ જ શ્રેષ્ઠ મંત્ર છે, કે જે મંત્ર કોઈ પરિસ્થિતિમાં કદી નિષ્ફળ જતો નથી.

કેવો સહેલો મંત્ર! અને છતાં જીવનમાં સદાય કેવો ઉપયોગી છે!

(‘जैनजगत’ ના આધારે સાભાર)

# મ શ્કરી ? –કે –સ ત્ય ?

**યુવાન બંધુઓ, આ એક યુવાન રાજકુમારની કથા છે...કે જે પરણીને તરત વૈરાગ્યથી હસતાં-હસતાં સંસારને છોડી દે છે. ક્યાં આજના સિનેમાના કુસંસ્કારો ! ને ક્યાં આપણા પુરાણોમાં ભરેલા આપણા મહાપુરુષોના ઉત્તમ વૈરાગ્યસંસ્કારો ! યુવાન રાજપુત્ર વજ્રબાહુના વૈરાગ્યની આ ઉત્તમ કથા વાંચ્યા પછી પણ શું તમે સિનેમા જોવાનું નહીં છોડી દો ?**

જૈનશાસનમાં ધર્માત્માઓના અંતરમાં સંસારપ્રત્યે કેટલી નિર્લેપતા હોય છે? તથા વૈરાગ્યનો કેવો પ્રવાહ તેના અંતરમાં નિરંતર વર્તતો હોય છે? તે દેખાડનારા વૈરાગ્યપ્રસંગો પુરાણોમાં ઠેરઠેર ભર્યા છે. તેમાંથી કોઈકોઈ પ્રસંગ આપણે આત્મધર્મમાં રજુ કરતા રહીશું; તે વાંચીને હે સાધર્મીજનો ! તમારા આત્મામાં પરમવૈરાગ્યનું સીંચન કરજો. મહાપુરુષોએ તો આખા સંસારને ક્ષણમાત્રમાં છોડયો છે, તો તમે બહાદૂર–મુમુક્ષુ થઈને પાપના કારણભૂત પ્રસંગોને શું ક્ષણમાં નહીં છોડી શકો? સાંભળો, ભરયુવાનવયમાં તાજી જ પરણેલી મનોદયા રાણી વગેરેને વજ્રબાહુ રાજકુમારે એકક્ષણમાં છોડી દીધા....તો હે યુવાન બંધુઓ ! નિર્વાણના આ ૨૫૦૦ વર્ષીય મહોત્સવમાં તમે પણ બહાદૂર થઈ જાઓ....તમારા જીવનને આત્મસંસ્કારોથી ઉન્નત બનાવીને પાપોથી મુક્ત થઈ જાઓ....ને વીરમાર્ગમાં આત્મહિત કરી લ્યો..

ભગવાન ઋષભદેવના ઈક્ષ્વાકુવંશમાં ઋષભદેવથી માંડીને મુનિસુવ્રત તીર્થંકર સુધીના લાંબાકાળમાં અસંખ્ય રાજાઓ મોક્ષગામી થયા. મલ્લિનાથ ભગવાનના મોક્ષગમન પછી અયોધ્યાનગરીમાં વિજયરાજાના પૌત્ર વજ્રબાહુકુમાર થયા. હસ્તિનાપુરની રાજપુત્રી મનોદયા સાથે તેના લગ્ન થયા. લગ્ન પછી થોડા જ દિવસમાં કન્યાનો ભાઈ ઉદયસુંદર પોતાની બહેનને તેડવા આવ્યો. મનોદયા તેની સાથે જવા લાગી; ત્યારે વજ્રબાહુકુમાર પણ મનોદયા પ્રત્યેના તીવ્ર પ્રેમને લીધે તેની સાથે જ સાસરે જવા લાગ્યો.

ઉદયસુંદર, મનોદયા, વજ્જબાહુ આનંદ કરતાં–કરતાં અયોધ્યાથી હસ્તિનાપુર તરફ જઈ રહ્યા છે; સાથે તેમના મિત્રો ૨૬ રાજકુમારો તેમ જ અનેક રાણીઓ છે. પહાડો અને વનોની રમણીય શોભા જોતાં–જોતાં સૌ ચાલ્યા જાય છે. ત્યાં યુવાન રાજકુમાર વજ્જબાહુની નજર એકાએક થંભી થઈ...અરે, દૂર આ કાંઈક અદ્‌ભુત શોભા દેખાય છે –તે શેની છે! એ તે કોઈ ઝાડનું થડ છે? સોનાનો થાંભલો છે? કે કોઈ મનુષ્ય છે? જરા નજીક જઈને જોયું ત્યાં કુમાર તો આશ્ચર્ય પામી ગયો–અહા! નગ્નદિગંબર મુનિરાજ ધ્યાનમાં ઊભા છે...મીંચેલી આંખ ને લટકતા હાથ; –દુનિયાને ભૂલીને આત્મામાં ઊંડે–ઊંડે ઊતરીને કોઈ અદ્‌ભુત મોક્ષસુખને વેદી રહ્યા છે...જાણે શાંતરસના દરિયામાં મશગુલ છે! શરીર તપવડે દૂબળું છે તોપણ ચૈતન્યના તેજનો પ્રતાપ સર્વાંગે ઝળકી રહ્યો છે...હરણ અને સિંહ શાંત થઈને તેમની નજીક બેઠા છે, અરે, એમની શાંતમુદ્રા વનના પશુઓને પણ એવી વહાલી લાગે છે કે તેઓ પણ શાંત થઈને બેસી ગયા છે.

મુનિને દેખીને વજ્રકુમાર વિચારે છે કે–વાહ રે વાહ! ધન્ય મુનિનું જીવન! તેઓ આનંદથી મોક્ષને સાધી રહ્યા છે; હું તો સંસારના કીચડમાં ફસાયો છું, ને વિષયભોગોમાં ડૂબી રહ્યો છું. આ ભોગોથી છૂટીને હું પણ આવી યોગદશા ધારણ કરીશ ત્યારે જ મારો જન્મ કૃતાર્થ થશે. અત્યારે તો, સમ્યક્‌આત્મભાન હોવા છતાં જેમ કોઈ ચંદનવૃક્ષ ઝેરી સર્પથી લપેટાયેલું હોય તેમ હું વિષયભોગોના પાપોથી ઘેરાઈ રહ્યો છું. જેમ કોઈ મૂર્ખ પહાડના શિખર ઉપર ચડીને ઊંઘે...તેમ હું પાંચઇન્દ્રિયના ભોગરૂપ પર્વતના ભયંકર શિખર પર સૂતો છું. –ધિક્કાર છે–ભવભ્રમણ કરાવનાર આ ભોગોને! અરે, એક સ્ત્રીમાં આસક્ત થઈને મોક્ષસુંદરીને સાધવામાં હું પ્રમાદી થઈ રહ્યો છું...પણ ક્ષણભંગુર જીવનનો શો ભરોસો? મારે તો હવે પ્રમાદ છોડીને આવી મુનિદશા ધારણ કરીને મોક્ષસાધનામાં લાગી જવું યોગ્ય છે.

–આમ વિચાર કરતાં કરતાં વજ્જબાહુની નજર તો મુનિરાજ ઉપર થંભી ગઈ છે...મુનિભાવનામાં એવા લીન થઈ ગયા છે કે આસપાસ ઉદયસુંદર ને મનોદયા ઉભા છે તેનોય ખ્યાલ રહ્યો નથી...બસ! એકીટસે મુનિ તરફ જોઈ જ રહ્યા છે...ને તેની ભાવના ભાવી રહ્યા છે.

આ દેખીને, તેના સાળા ઉદયસુંદરે હાસ્યપૂર્વક મશ્કરી ભરેલા વચનમાં કહ્યું–અરે કુંવરજી! આમ નિશ્ચિલનયને મુનિ તરફ શું જોઈ રહ્યા છો? –ક્યાંક તમે પણ એવી

મુનિદીક્ષા ધારણ ન કરી લેતા!

વજ્રકુમારને તો "ભાવતું' તું ને વૈદે બતાવ્યું! " તેણે તરત જ કહ્યું–વાહ ભાઈ! તમે બહુ મજાની વાત કરી; મારા મનમાં જે ભાવ હતા તે જ તમે પ્રગટ કર્યા. –હવે તમારા ભાવ શું છે–તે પણ કહો!

ઉદયસુંદરે તો હાસ્યની વાત સમજીને કહ્યું–કુંવરજી! જેવા તમારા ભાવ, તેવા જ મારા ભાવ! જો તમે મુનિદીક્ષા લેતા હો તો હું પણ તમારી સાથે જ મુનિદીક્ષા લેવા તૈયાર છું. જો–જો! તમે ફરી ન જતા!! (ઉદયસુંદરને તો મનમાં હજી એમ જ હતું કે વજ્રકુમાર તો મનોદયા પ્રત્યે તીવ્ર રાગી છે, –એ શું દીક્ષા લેવાનો હતો! એટલે તેણે તો હાસ્યમાં ને હાસ્યમાં ઉપર પ્રમાણે બોલી નાંખ્યું...અથવા, 'શુકનથી શબ્દ આગળ' એ ઉક્તિ અનુસાર વજ્રકુમારના ઉત્તમ ભવિતવ્યથી પ્રેરાઈને તેને વૈરાગ્ય જગાડનારા શબ્દો નિમિત્તપણે આવી ગયા...)

ઉદયસુંદરની વાત સાંભળતાં જ બહાદુર મુમુક્ષુ વજ્રકુમારના મુખમાંથી વજ્રવાણી નીકળી–બસ, હું તૈયાર જ છું...અત્યારે જ હું આ મુનિરાજની સમીપમાં જઈને મુનિદીક્ષા અંગીકાર કરીશ...આ સંસાર અને ભોગોથી ઉદાસ થઈને મારું ચિત્ત હવે મોક્ષમાં ચોંટયું છે...સંસાર કે સંસાર તરફના ભાવ હવે સ્વપ્નેય મારે જોઈતા નથી...આપ સૌ ખુશીથી સીધાવો....હું તો મુનિ થઈશ ને અહીં જ રહીશ.

પર્વત ઉપર વજ્ર પડે તેમ વજ્રબાહુના શબ્દો સાંભળતાં જ ઉદયસુંદર ઉપર જાણે વજ્ર પડયું! તે તો ડઘાઈજ ગયો! –અરે આ શું થયું!

વજ્રકુમાર તો મક્કમ ચિત્તે હાથી ઉપરથી ઉતર્યો ને વિવાહના વસ્ત્રાભુષણ ઊતારીને, વૈરાગ્યપૂર્વક મુનિરાજ તરફ જવા લાગ્યો.

મનોદયાએ કહ્યું: અરે સ્વામી! આ શું કરો છો?

ઉદયસુંદરે પણ આંસુભીની આંખે કહ્યું–અરે કુંવરજી! મેં તો હસતાં–હસતાં મશ્કરીમાં કહ્યું હતું; તેમાં તમે આ શું કરી રહ્યા છો? હાસ્ય કરવામાં મારી ભૂલ થઈ તો મને ક્ષમા કરો....પણ તમે દીક્ષા ન લ્યો..

ત્યારે વૈરાગી વજ્રકુમાર મધુર શબ્દોથી કહેવા લાગ્યા–હે ઉદયસુંદર! તમે તો મારા કલ્યાણનું કારણ બન્યા છો. મને જગાડીને તમે તો ઉપકાર જ કર્યો છે. માટે દુઃખ છોડો. હું સંસારના કુવામાં પડતો હતો તેમાંથી તમે તો મને બચાવ્યો, તમે મારા

સાચા મિત્ર છો. જીવ જન્મ–મરણ કરતો–કરતો અનાદિથી સંસારમાં ભમી રહ્યો છે, સ્વર્ગના દિવ્ય વિષયોમાં પણ તેને ક્યાંય સુખ મળ્યું નથી, તો બીજા વિષયોની શી વાત! આ શરીર ને સંયોગ બધું ક્ષણભંગુર છે. વીજળીના ઝબકારા જેવું જીવન, તેમાં આત્મહિત ન કર્યું તો આ અવસર ચાલ્યો જશે. વિવેકી પુરુષોએ સ્વપ્ના જેવા આ સંસાર–સુખોમાં મોહિત થવું યોગ્ય નથી. મિત્ર! તમારી મશ્કરી પણ મને તો કલ્યાણનું જ કારણ થઈ છે. હસતાં–હસતાં પણ ઉત્તમ ઔષધ પીવાથી શું તે રોગને નથી હરતી? હરે જ છે; તેમ હસતાં–હસતાં પણ તમે મુનિદશાની વાત કરી, તો તે મુનિદશા ભવરોગને હરનારી ને આત્મકલ્યાણ કરનારી છે; માટે હું જરૂર મુનિદશા અંગીકાર કરીશ. તમારી જેવી ઈચ્છા હોય તેમ તમે કરો..

ઉદયસુંદર સમજી ગયો કે હવે વજ્રબાહુકુમારને રોકવાનું મુશ્કેલ છે...હવે તે દીક્ષા જ લેશે. છતાં મનોદયાના પ્રેમને લીધે કદાચ તે રોકાય–એમ ધારીને તેણે છેલ્લી દલીલ કરી જોઈ–હે કુમાર! આ મનોદયા ખાતર પણ તમે રોકાઈ જાઓ....તમારા વગર મારી બહેન અનાથ થઈ જશે...માટે તેના પર કૃપા કરીને આપ રોકાઈ જાઓ–હમણાં દીક્ષા ન લ્યો.

પરંતુ, મનોદયા પણ વીરપુત્રી હતી...તે કાંઈ રોવા ન બેઠી...તેણે પણ મક્કમ ચિત્તે કહ્યું–હે બંધુ! તું મારી ચિંતા ન કર! તેઓ જે માર્ગે જશે–હું પણ તે જ માર્ગે જઈશ. તેઓ વિષયભોગોથી છૂટીને આત્મકલ્યાણ કરશે, તો શું હું વિષયોમાં ડુબી મરીશ? –નહીં; હું પણ તેમની સાથે જ સંસાર છોડીને અર્જિકા બનીશ ને આત્માનું કલ્યાણ કરીશ. ધન્ય છે કે મને આત્મહિતનો આવો સુંદર અવસર મળ્યો! રોકો મા ભાઈ, તમે કોઈને રોકો મા! કલ્યાણના પંથે જતા કોઈને રોકો મા! મોક્ષના પંથે જનારને સંસારના માર્ગમાં ખેંચો મા!

પોતાની બહેનની પણ આવી દ્રઢતા દેખીને હવે ઉદયસુંદરના ભાવમાં પણ એકાએક પરિવર્તન થઈ ગયું. તેણે જોયું કે મશ્કરી સત્ય બની રહી છે...તેણે કહ્યું–વાહ વજ્રકુમાર! અને વાહ મનોદયાબેન! ધન્ય છે તમારી ઉત્તમ ભાવનાઓને! તમે બંને અહીં જ દીક્ષા લેશો તો શું અમે તમને મુકીને પાછા રાજ્યમાં જઈશું? –નહીં; અમે પણ તમારી સાથે જ મુનિદીક્ષા લઈશું.

ત્યાં તો, આ બધી વાતચીત સાંભળી રહેલા બીજા બધા રાજકુમારો પણ એક

સાથે બોલી ઊઠયા કે અમે પણ વજ્રકુમારની સાથે જ દીક્ષા લેશું! અને, બીજીકોર મહિલાઓના ટોળામાંથી રાજરાણીઓનો પણ અવાજ આવ્યો કે અમે બધા પણ મનોદયાની સાથે અર્જિકાવ્રત લઈશું...

બસ, ચારેકોર ખળભળાટ મચી ગયો....ગંભીર વૈરાગ્યનું વાતાવરણ ફેલાઈ ગયું. રાજસેવકો તો ગભરાટથી જોઈ જ રહ્યા છે કે આ બધું શું થઈ રહ્યું છે! આ બધા રાજકુમારોને તથા રાજરાણીઓને અહીં છોડીને એકલા એકલા રાજ્યમાં પાછા કઈ રીતે જવું? જઈને આ રાજકુમારોના માતા–પિતાઓને શું જવાબ દેવો!

તેઓ મુંઝાયા. છેવટે એક મંત્રીએ રાજપુત્રોને કહ્યું: હે કુમારો! તમારી વૈરાગ્યભાવનાને ધન્ય છે...પણ અમને મુશ્કેલીમાં ન મુકો....તમે અમારી સાથે પાછા ચાલો ને માતા–પિતાની રજા લઈને પછી દીક્ષા લેજો...

વજ્રકુમારે કહ્યું: અરે સંસારબંધનથી છૂટવાનો આવો અવસર આવ્યો, ત્યારે માતા–પિતાને પૂછવા કોણ રોકાય? અમે ત્યાં આવીએ તો માતા–પિતા મોહવશ થઈને અમને રોકે; માટે તમે સૌ જાઓ, ને માતા–પિતાને સમાચાર કહી દેજો કે તમારા પુત્રો મોક્ષને સાધવા ગયા છે માટે તમે દુઃખી ન થશો.

ત્યારે મંત્રીએ કહ્યું: કુમારો! તમે અમારી સાથે ભલે ન આવો; પરંતુ અમે જઈને માતા–પિતાને ખબર આપીએ ત્યાંસુધી અહીં રોકાઈ જાઓ.

કુમારોએ કહ્યું: અરે, એકક્ષણ પણ હવે આ સંસાર ન જોઈએ...જેમ પ્રાણ ઊડી ગયા પછી શરીર શોભતું નથી, તેમ અમારો મોહ છૂટી ગયા પછી હવે ક્ષણમાત્ર આ સંસાર ગમતો નથી આમ કહીને બધા કુમારો ચાલવા લાગ્યા...ને મુનિરાજ પાસે આવ્યા...

ગુણસાગર–મુનિરાજ પ્રત્યે હાથ જોડીને વિનયપૂર્વક નમસ્કાર કરી વજ્રકુમારે કહ્યું –હે સ્વામી! મારું ચિત્ત સંસારથી અતિ ભયભીત છે; આપના દર્શનથી મારું મન પવિત્ર થયું છે ને હવે હું ભવસાગરને પાર કરનારી એવી ભગવતી દીક્ષા અંગીકાર કરીને આ સંસારના કીચડમાંથી નીકળવા ઈચ્છું છું–માટે હે પ્રભો! મને દીક્ષા આપો!

જેઓ ચૈતન્યસાધનામાં મગ્ન છે અને હમણાં જ સાતમેથી છઠ્ઠા ગુણસ્થાને આવ્યા છે–એવા તે મુનિરાજે વજ્રકુમારની ઉત્તમ ભાવના જાણીને કહ્યું: હે ભવ્ય! લે આ મોક્ષના કારણરૂપ ભગવતી જિનદીક્ષા! તું અત્યંત નીકટ ભવ્ય છો કે તને મુનિવ્રતની

ભાવના જાગી. –આમ કહીને આચાર્યદેવે વજ્રકુમારને મુનિદીક્ષા આપી; વજ્રકુમારે કોમળ કેશનો સ્વહસ્તે લોચ કર્યો, રાજપુત્રી અને રાગપરિણતિ બંનેનો ત્યાગ કર્યો, દેહનો સ્નેહ છોડીને ચૈતન્યધ્યાનમાં સ્થિર થયા, ને શુદ્ધોપયોગી થઈને મુનિદશા પ્રગટ કરી. તેની સાથે ઉદયસુંદર વગેરે ૨૬ રાજકુમારો પણ જિનદીક્ષા લઈને મુનિ થયા. મનોવતીએ પણ પતિ અને ભાઈનો મોહ છોડીને, સર્વે આભૂષણ દૂર કરી વૈરાગ્યપૂર્વક આર્યિકાવ્રત ધારણ કર્યા, સાથે અનેક રાણીઓ પણ અર્જિકા થઈ, ને એકમાત્ર સફેદ સાડીથી ઢંકાયેલા દેહમાં ચૈતન્યની સાધના વડે શોભવા લાગી. રત્નમણિના આભૂષણ કરતાં શુદ્ધોપયોગના આભૂષણથી આત્મા વધારે શોભી ઊઠે છે; તે રીતે વજ્રકુમાર વગેરે સૌ મુનિદશામાં શુદ્ધોપયોગ વડે શોભવા લાગ્યા.

## ધન્ય તે વૈરાગી રાજપુત્રોને !

જ્યારે વજ્રકુમાર વગેરેની દીક્ષાના સમાચાર અયોધ્યા પહોંચ્યા ત્યારે તેના દાદા વિજયમહારાજા પણ સંસારથી વિરક્ત થયાઃ અરે, આવો નવપરિણિત યુવાન પૌત્ર સંસાર છોડીને મુનિ થયો; ને હું બુઢ્ઢો થવા છતાં હજી સંસારના વિષયોને નથી છોડતો ! આ રાજકુમારે તો સંસાર–ભોગોને તૃણવત્ સમજીને છોડી દીધા ને મોક્ષને અર્થે શાંતભાવમાં ચિત્તને સ્થિર કર્યું. ઉપરથી સુંદર લાગતા વિષયોનું ફળ બહુ કડવું છે. યુવાનદશામાં દેહનું જે રૂપ હતું તે પણ વૃદ્ધાવસ્થામાં કુરૂપ થઈ ગયું. દેહ અને વિષયો ક્ષણભંગુર છે; આમ જાણવા છતાં પ્રમાદી થઈને હું તેમાં અત્યાર સુધી પડયો રહ્યો ! અરે, યુવાન પૌત્રે દીક્ષા લેવા છતાં હું વિષયભોગોમાં ભમ્યા કરું તો મારા જેવો મૂર્ખ કોણ ? –આમ વિચારી બાર વૈરાગ્યભાવના ભાવી, સર્વે જીવો પ્રત્યે ક્ષમાભાવપૂર્વક તે વિજય રાજા પણ જિનદીક્ષા લઈને મુનિ થયા...પૌત્રના પંથે દાદાએ પ્રયાણ કર્યું.

## ધન્ય જૈનમાર્ગ ! ધન્ય મુનિમાર્ગ ! ધન્ય તે માર્ગે ચાલનારા જીવો !

વિજય રાજાએ દીક્ષા લેતી વખતે રાજ્ય વજ્રકુમારના ભાઈ પુરંદરને સોંપ્યું; પુરંદર રાજાએ રાજ્ય પોતાના પુત્ર કીર્તિધરને સોંપીને દીક્ષા લીધી; તે કીર્તિધરે પણ, પંદર દિવસની વયના પુત્ર સુકૌશલને રાજતિલક કરીને જિનદીક્ષા લઈ લીધી....તે સુકૌશલકુમારે પણ (ગર્ભસ્થબાળકને રાજતિલક કરીને) પોતાના પિતાની પાસે જ દીક્ષા અંગીકાર કરી...એટલું જ નહિ પણ તેની મા વાઘણ થઈને તેને ખાઈ ગઈ તોપણ તે આત્મધ્યાનથી ન ડગ્યા ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

**તેની કથા હવે પછી કહેશું.**

# "પંચમ કાળે ક્ષાયિકસમ્યકત્વ ! !"

[ પ્રવચનસાર ગા. ૯૨ ના પ્રવચન વખતે એક સરસ આનંદકારી વાત ગુરુદેવના પ્રવચનમાં આવી; તે દીપાવલીની મંગલબોણીરૂપે અહીં વાંચતાં મુમુક્ષુઓ આનંદિત થશે. ]

શુદ્ધોપયોગ દ્વારા મોહનો નાશ કરીને જેમનો આત્મા સ્વયમેવ ધર્મરૂપ પરિણમ્યો છે એવા આચાર્યકુંદકુંદસ્વામી કહે છે કે, આ આત્મા પોતે ધર્મ થાય તે ખરેખર મુમુક્ષુનો મનોરથ છે. તેને ધર્મરૂપ થવામાં એકમાત્ર બહિર્મુખ મોહદ્રષ્ટિ (–મિથ્યાત્વ) જ વિઘ્ન કરનાર છે. અને તે બહિર્મુખદ્રષ્ટિ તો અમને આગમના ભાવઅભ્યાસવડે તથા આત્મજ્ઞાનવડે નષ્ટ થઈ ચુકી છે, –એવી નષ્ટ થઈ ચુકી છે કે હવે ફરીને કદી તે મારામાં ઉત્પન્ન થવાની નથી. –જુઓ તો ખરા, જાણે ક્ષાયિક સમ્યક્ત્વ હોય એવું જોર આચાર્યદેવની વાણીમાં છે. એમાં તો ઘણી ગંભીરતા છે.

કોઈ કહે–પ્રભો! તમે તો ભરતક્ષેત્રમાં પંચમકાળમાં અવતર્યા છો, તેથી ક્ષાયિક સમ્યક્ત્વ તો હોય નહિ, ને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય તે તો ક્યારેક છૂટી પણ જાય! છતાં તમે તો ક્ષાયિક જેવા જોરથી કહો છો કે અમને ફરીને મોહદ્રષ્ટિ ઉત્પન્ન થવાની નથી;–આટલી નિઃશંકતા! –અરે ભાઈ, આચાર્યદેવના હૃદયની તને ખબર નથી. તેઓ સાક્ષાત્ તીર્થંકર ભગવાન પાસે ગયા હતા, ભગવાનની વાણીમાં ક્ષાયિકસમ્યક્ત્વની વાત આવી હતી, ને આચાર્યદેવને પોતાને સમ્યક્ત્વમાં ક્ષાયિકભાવ જેવી અપ્રતિહત દ્રઢતા હતી. 'અમે સીમંધર ભગવાન પાસે ગયા હતા' એમ સીધું ભલે તેમણે ન કહ્યું પણ તેમની વાણીમાંથી એ વાતના ભણકાર ઊઠે છે. –અને આપણે અહીં 'ચંપાબેન' તેના સાક્ષી છે. તેમને જાતિસ્મરણમાં એ વાત આવી છે; સીમંધર ભગવાનની વાણીમાં ક્ષાયિકભાવના ત્રણપ્રકાર તેમણે સાંભળ્યા છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં પણ એવો પ્રકાર હોય છે કે જે વચ્ચે ભંગ પડયા વગર ક્ષાયકભાવ સાથે સંધિ જોડી દે છે, –એને 'જોડણીક્ષાયક' કહેવાય છે. બીજી ઘણી વાત છે, પણ અત્યારે તો આ પ્રકરણ સાથે એ વાતની સંધિ હોવાથી તે અહીં ખુલ્લી મુકી છે. બેનના જ્ઞાનમાં ઘણી નિર્મળતા છે. તેમાં ભગવાન પાસેથી સાંભળેલી ક્ષાયિક

સમ્યકત્વની જે વાતના ભણકાર તેમને આવ્યા છે તેવા જ ભાવ હજારવર્ષ પહેલાંની પ્રવચનસારની આ ટીકામાં ભર્યા છે. પંચમકાળના આચાર્ય કહે છે કે અમને આ કાળે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોવા છતાં ક્ષાયકભાવ સાથે તેની સંધિ જોડી દેશું, તેમાં વચ્ચે કદી મોહદ્રષ્ટિ ઉત્પન્ન થવાની નથી. આ વાત ઘણા જ પ્રમોદથી (વારંવાર પૂ. શ્રી ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનની સાક્ષીપૂર્વક) કરી હતી, ને તેનું શ્રવણ કરતાં શ્રોતાજનોને પણ હર્ષોલ્લાસ થતો હતો.

વાહ રે વાહ! જુઓ તો ખરા, આ ચૈતન્યની અનુભૂતિનું જોર! આ કાળે પણ આવી અનુભૂતિ થઈ શકે છે. ભગવાન મહાવીરનું પરમ ધર્મતીર્થ અત્યારે પણ વર્તી રહ્યું છે. આ કાળે પણ સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્માને ક્ષાયિકભાવ જેવી દ્રઢતા હોઈ શકે છે. અરે, આત્માની અનુભૂતિમાં તો ક્ષાયિક કે ક્ષાયોપશમિકનો કોઈ ફેર અમને નથી દેખાતો; વાહ રે વાહ! ભગવાનને ભેટેલા સંતોની વાણી તો જુઓ! શૂરવીર જીવો જ આ વાત ઝીલી શકે છે. સમ્યગ્દર્શન કેમ થાય! તે પામવાની અફર રીત સંતોએ પ્રગટ કરી છે; ને એવી અનુભૂતિ જે કરે તેની તો શી વાત! આ કાળેય એવી અનુભૂતિ ને ક્ષાયક જેવું સમ્યક્ત્વ થઈ શકે છે. (પંચમકાળના જીવને ક્ષાયિકભાવ નથી હોતો એ વાતની તો અમને ખબર છે, પણ ભાઈ! પંચમકાળમાંય ધર્મીને ક્ષયોપશમ–સમ્યક્ત્વમાંયે ક્ષાયક જેવું જોર હોય છે–એ વાતની તને ખબર નથી. અહીં વીતરાગી સંતોની વાણીમાં, ને બેનના જાતિસ્મરણમાં એ વાતના સ્પષ્ટ રણકાર છે.)

–અહો, આત્માની આવી નિઃશંક વાત મહાભાગ્યે મુમુક્ષુઓને અત્યારે મળે છે, તે મંગળ છે; જ્ઞાની સંતોનો મહાન ઉપકાર છે. સાધર્મીઓ! અત્યારે 'આત્મલાભ' નો આ મંગલઅવસર છે. લાભ લેવાના આ ટાણે જરૂર લાભ લઈ લેજો!

### ચૈતન્યભાવ-

**સ્વસંવેદન પ્રત્યક્ષ એ સૌથી શ્રેષ્ઠ પ્રમાણ છે. ત્યાં બીજા પ્રમાણની અપેક્ષા રહેતી નથી. જ્ઞાન પોતે પોતાને જાણવા માટે બીજા જ્ઞાનની અપેક્ષા રાખતું નથી, કેમકે તે સ્વસંવેદ્ય છે. સ્વસંવેદ્યપણું માત્ર જ્ઞાનમાં જ છે.**

## વીરનિર્વાણ-મહોત્સવમાં વીર-બાળકોનો ઉત્સાહ

ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવ નિમિત્તે અઢીહજાર પૈસા (પચીસ રૂપિયા) બચાવવાની યોજનામાં બાળકો (અને વડીલો પણ) ખૂબ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. જૈન બાળકો-યુવાનો-વિદ્યાર્થીઓ જાગ્યા છે; અને હવે 'વિદ્યાર્થી-યુવાનો ધર્મમાં રસ નથી લેતા' એમ કોઈથી કહી શકાય તેમ નથી. હવે તો ઉલ્ટું, આપણા બાળકોને જે ઢગલાબંધ ધાર્મિક સાહિત્ય જોઈએ છે તે આપણે પૂરું પાડી શકતા નથી-એ વડીલોની જવાબદારી આવીને ઊભી છે. બાળકો જાગ્યા છે તો આપણે પણ જાગીએ ને બાળકો ઉત્સાહથી વાંચી શકે એવું ઢગલાબંધ સાહિત્ય તેમને આપીએ. જેમના તરફથી પચ્ચીસ રૂપિયા આવેલ છે તેમના નામો (ગતાંક પછી) અહીં આપ્યા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૪ | રાજેશકુમાર રતિલાલ જૈન | દાદર | ૧૨૧ | ભાવિન ચંદ્રવદન જૈન | દાદર |
| ૧૦૫ | રાજેશ હિંમતલાલ જૈન | દાદર | ૧૨૨ | પારૂલબેન અનીષકુમાર જૈન | " |
| ૧૦૬ | સ્મિતાબેન બાબુલાલ જૈન | ખારમુંબઈ | ૧૨૩ | અવનીશભાઈ ચીમનલાલ જૈન | " |
| ૧૦૭ | જગદીશ બાબુલાલ જૈન | ખારમુંબઈ | ૧૨૪ | ભરતકુમાર મનુભાઈ જૈન | " |
| ૧૦૮ | કિરણ બાબુલાલ જૈન | ખારમુંબઈ | ૧૨૫ | કન્યા નિરંજનભાઈ જૈન | માટુંગા |
| ૧૦૯ | જ્યોતિબેન બાબુલાલ જૈન | ખારમુંબઈ | ૧૨૬ | હરગોવિંદદાસ મોતીચંદ જૈન | દાદર |
| ૧૧૦ | રૂપાબેન ચંદ્રકાંત જૈન | દાદર | ૧૨૭ | ઉષાબેન નટવરલાલ જૈન | " |
| ૧૧૧ | મીરાબેન કેવળચંદ જૈન | " | ૧૨૮ | ઝવેરબેન જૈન | " |
| ૧૧૨ | પરેશ પ્રકાશચંદ જૈન | " | ૧૨૯ | સમીબેન ત્થા સંજાતભાઈ જૈન | " |
| ૧૧૩ | બિન્દેશ પ્રકાશચંદ જૈન | " | ૧૩૦ | દર્શનાબેન મનહરલાલ જૈન | મુંબઈ |
| ૧૧૪ | આશિષ પ્રકાશચંદ જૈન | " | ૧૩૧ | અભયકુમાર મનહરલાલ જૈન | દાદર |
| ૧૧૫ | વર્ષાબેન, રાજચંદ્ર, જાગૃતિ, ચૈતન્ય | " | ૧૩૨ | દીગીશ જગદીશભાઈ જૈન | " |
| ૧૧૬ | દીગીશભાઈ ચીમનલાલ જૈન | " | ૧૩૩ | મગનલાલ નારાયણજી જૈન | " |
| ૧૧૭ | અમીતાબેન જિતુભાઈ જૈન | " | ૧૩૪ | સંજયકુમાર રમણીકલાલ જૈન | " |
| ૧૧૮ | કેતનકુમાર, વિરેન્દ્ર, શ્રેયાંસ, જૈન | " | ૧૩૫ | કુમુદબેન હિંમતલાલ જૈન | " |
| ૧૧૯ | નૈનેશ, ચેતન, વિજય, ભાવના ડયાલાલ | " | ૧૩૬ | લાભુબેન અનીલકુમાર જૈન | " |
| ૧૨૦ | સંજય, ભરત, ગીતાબેન ચંપકલાલ | " | ૧૩૭ | વીણાબેન જગદીશભાઈ જૈન | " |

| | | |
|---|---|---|
| ૧૩૮ | પ્રભાબેન સંઘરાજકા જૈન | દાદર |
| ૧૩૯ | અંજવાળીબેન પ્રાણલાલ જૈન | દાદર |
| ૧૪૦ | કંચનબેન ગુહ્યા જૈન | દાદર |
| ૧૪૧ | મધુબેન કિશોરભાઈ જૈન | દાદર |
| ૧૪૨ | પન્નાબેન જીતેન્દ્રકુમાર જૈન | દાદર |
| ૧૪૩ | વસુબેન પ્રકાશચંદ્ર જૈન | દાદર |
| ૧૪૪ | માલતીબેન અમૃતલાલ જૈન | દાદર |
| ૧૪૫ | પ્રદીપભાઈ પ્રાણલાલ જૈન | દાદર |
| ૧૪૬ | પંકજભાઈ પ્રાણલાલ જૈન | દાદર |
| ૧૪૭ | લત્તાબેન પ્રાણલાલ જૈન | દાદર |
| ૧૪૮ | દક્ષાબેન પ્રાણલાલ જૈન | દાદર |
| ૧૪૯ | રાજુ મનહરકાંત જૈન | દાદર |
| ૧૫૦ | ચેતના વૃજલાલ જૈન | દાદર |
| ૧૫૧ | અક્ષય વૃજલાલ જૈન | ” |
| ૧૫૨ | સુકેતુ રશ્મીકાંત જૈન | ” |
| ૧૫૩ | નિલેશકુમાર અનીલભાઈ જૈન | ” |
| ૧૫૪ | દેવાંગકુમાર અનીલભાઈ જૈન | ” |
| ૧૫૫ | સમીર ધનપાલભાઈ જૈન | ” |
| ૧૫૬ | વસંતકુમાર વીરચંદ જૈન | ” |
| ૧૫૭ | ધવલકુમાર સર્વદમન જૈન | ” |
| ૧૫૮ | જનકકુમાર પંકજકુમાર જૈન | ” |
| ૧૫૯ | પ્રફુલભાઈ ન્યાલચંદ જૈન | ” |
| ૧૬૦ | સવિતાબેન બાબુલાલ જૈન | ” |
| ૧૬૧ | લત્તાબેન, જયંત, મહેશ જૈન | ” |
| ૧૬૨ | ચેતન, અર્ચના, કિશોરચંદ્ર જૈન | ” |
| ૧૬૩ | દિવ્યાબેન, જયોતીબેન, ચેતનાબેન, તૃપ્તીબેન | ” |
| ૧૬૪ | રાજુ, રૂપાબેન, સોનલ રતીલાલ જૈન | ” |
| ૧૬૫ | વસંતલાલ મણીલાલ જૈન | દાદર |
| ૧૬૬ | ધીરેનભાઈ, સુલેખાબેન રજનીકાંત જૈન | ” |
| ૧૬૭ | ભરતકુમાર સુંદરજી ડોકટર | મોરબી |
| ૧૬૮ | શૈલેષકુમાર ત્થા જયેશકુમાર લહેરચંદ જૈન | સાવરકુંડલા |
| ૧૬૯ | લીલાવતીબેન પોપટલાલ જૈન | ગોંડલ |
| ૧૭૦ | બીનલબેન રોમેશકુમાર જૈન | અમદાવાદ |
| ૧૭૧ | બીરજુ ભરતકુમાર કામદાર | ” |
| ૧૭૨ | દીપકકુમાર કનુભાઈ જૈન | ” |
| ૧૭૩ | જાગૃતિબેન ચંદ્રકાંત જૈન | ” |
| ૧૭૪ | પ્રીતિબેન તથા પલ્લવીબેન | બોરીવલી |
| ૧૭૫ | કુંજલબેન ભરતકુમાર શેઠ | રાજકોટ |
| ૧૭૬ | જીતેન્દ્ર મણિલાલ શેઠ | મુંબઈ |
| ૧૭૭ | જાગૃતીબેન મણીલાલ શેઠ | ” |
| ૧૭૮ | રાજેશ વસંતલાલ શેઠ | ” |
| ૧૭૯ | અનીતાબેન વસંતલાલ શેઠ | ” |
| ૧૮૦ | સુનીલકુમાર પ્રવીણચંદ્ર કોઠારી | રાજકોટ |
| ૧૮૧ | ધારિણીબેન પ્રવીણચંદ્ર કોઠારી | ” |
| ૧૮૨ | કુમારપાળ કાંતિલાલ | મુલુન્દ |
| ૧૮૩ | વસંતરાય વૃજલાલ | ” |
| ૧૮૪ | હરીશકાંત મોહનલાલ મોદી | દાદર |
| ૧૮૫ | શાંતાબેન રતિલાલ દોશી | મુંબઈ |
| ૧૮૬ | પારુલ કાંતિલાલ જૈન | ” |
| ૧૮૭ | દીના મહાસુખલાલ જૈન | ચોટીલા |
| ૧૮૮ | કેતનાબેન રજનીકાંત જૈન | મોરબી |
| ૧૮૯ | નિખીલકુમાર ઈંદુલાલ જૈન | મોરબી |
| ૧૯૦ | જતીનકુમાર અરવિંદ જૈન | ” |
| ૧૯૧ | અમીત બી. | શાયન |

# બેસતાવર્ષે પંચપરમેષ્ઠીની ઉત્તમબોણીમાં શુદ્ધાત્માની પ્રસાદી

( પ્રવચનસાર ગા. ૧૭૨ )

અંદર ભગવાન આત્મા, કે જે સમ્યગ્દર્શનમાં ધ્યેય છે, અને જે પરમાર્થ સ્વજ્ઞેય છે, તે કેવો છે? તેનું આ વર્ણન છે. –જેને સ્વજ્ઞેય બનાવતાં આત્મામાં અપૂર્વ આનંદ થાય એટલે મોક્ષને સાધવાનું અપૂર્વ નવું વર્ષ બેસે, તેની આ વાત છે. ભાઈ, આવો આત્મા જાણવામાં–અનુભવવામાં આવે એવી તારી તાકાત છે. ‘મને નહિ સમજાય’ એવું શલ્ય રાખીશ મા.

ગુણના વિશેષ વડે જેનું ગ્રહણ થતું નથી, ગુણના વિશેષને એટલે કે ભેદને ગ્રહણ કરતાં પરમાર્થ આત્માનું ગ્રહણ થતું નથી; આ રીતે આત્મા અલિંગગ્રહણ છે. ગુણભેદને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. માટે ગુણભેદને કે પર્યાયભેદને બહિર્‌તત્ત્વ કહ્યું છે, ને તે ભેદરહિત અભેદ અનુભૂતિરૂપ તત્ત્વ તે અંતર્‌તત્ત્વ છે. ( નિયમસાર ગા. ૩૮ ) એકેક ગુણનો ભેદ પાડતાં અંતર્‌તત્ત્વ અનુભવમાં આવતું નથી. પરમાર્થ ચૈતન્યવસ્તુ ગુણના ભેદમાં આવતી નથી. આવા આત્માને સ્વજ્ઞેય બનાવતાં તે જ્ઞાનમાં ભેદનું ગ્રહણ રહેતું નથી. આવા સ્વજ્ઞેયનું ગ્રહણ કરીને જન્મ–મરણથી છૂટવાનો આ પ્રસંગ છે. મહાવીરનો માર્ગ પામીને ભવનો અંત લાવવાની આ રીત છે. –સમ્યગ્દર્શન વડે જ ભવના અંતનો ( મોક્ષના આનંદનો ) માર્ગ પ્રગટે છે.

ભાઈ, તારી ચૈતન્યસંપદા સર્વજ્ઞ મહાવીર તને બતાવીને સોંપી ગયા છે; કુંદકુંદાચાર્ય જેવા વીતરાગી સંતો તને તે સંપદાનો ખજાનો ખોલવાની ચાવી આપે છે.

સમ્યગ્દર્શન તો સારામાં સારા આત્માને જ ગ્રહણ કરે ને! ‘સમ્યક્’ નો અર્થ ‘સુંદર’ થાય છે. સારામાં સારો સુંદર એવો જે ચૈતન્યસ્વરૂપ આત્મા, તેને અભેદપણે જે ગ્રહણ કરે છે તે સમ્યગ્દર્શન છે. તેમાં ઓછું કરીને એટલે કે ગુણ–પર્યાયના ભેદ પાડીને સમ્યગ્દર્શન તેને ગ્રહણ કરતું નથી. ભેદરૂપ લિંગોવડે તેનું ગ્રહણ થતું નથી. માટે આત્મા અલિંગગ્રહણ છે. આત્મા કેવો ? –કે ભેદના વિકલ્પને ન સ્પર્શે એવો.

ભાઈ, આવા અભેદતત્ત્વની અનુભૂતિરૂપ મંગળ ચાંદલો કરીને મોક્ષને સાધવાનો આ અવસર છે...આ અવસરે આડું–અવળું જોવા રોકાઈશ મા.

અહા, સંતોએ આ સમયસાર–પ્રવચનસાર જેવા પરમાગમોની રચના કરીને જૈનશાસનને શોભાવ્યું છે–ઊજળું કર્યું છે.

જ્ઞાનીને જ્ઞાન–દર્શન–ચારિત્ર નથી તેનો અર્થ એમ છે કે જ્ઞાન–દર્શન–ચારિત્ર એવા ભેદો જ્ઞાનીની અનુભૂતિમાં નથી, અનંત ગુણોથી એકરસ એવા અભેદતત્ત્વની અનુભૂતિ ધર્મીને હોય છે. એ વાત સમયસારની સાતમી ગાથામાં કરી છે, એ જ વાત અહીં ૧૮ મા બોલમાં છે. જ્યાં ગુણભેદના વિકલ્પનોય પ્રવેશ કે સ્પર્શ નથી, ત્યાં બીજા સ્થૂળ બાહ્ય શુભાશુભરાગની વાત તો ક્યાં રહી? એકવાર તારા આવા ગુણ–પર્યાયથી અભેદઆત્માને ઉપયોગમાં લઈને તેને આલિંગનકર...તો તારા આત્મામાં સમ્યક્ત્વનું અભૂતપૂર્વ સોનેરી ચૈતન્યપ્રભાત ખીલી ઉઠશે.

અહા, તારા નિધાન તો જો! જે નિધાન પાસે ચક્રવર્તીપદનાં કે ઇન્દ્રપદના નિધાનનીયે કાંઈ કિંમત નથી.

ધર્મીજીવની અનુભૂતિમાં આખો આત્મા પ્રસિદ્ધ થયો છે, વ્યક્ત છે; પણ ગુણ કે પર્યાયના ભેદના ગ્રહણમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થતો નથી. સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવના ભેદ વગરની જે અખંડ નિર્વિકલ્પ વસ્તુ, તે ધર્મીના અનુભવનો વિષય છે. આવી નિર્વિકલ્પ વસ્તુને ન જાણનારો અજ્ઞાની દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના ભેદોવડે વસ્તુને ખંડિત કરે છે, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને ખંડ–ખંડરૂપ જુદા માને છે.

જેમ ગુણભેદથી આત્માનું ગ્રહણ થતું નથી તેમ પર્યાયભેદથી પણ આત્માનું ગ્રહણ થતું નથી. આવું અભેદ આત્મતત્ત્વ સમ્યગ્દ્રષ્ટિને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં આવે છે. આવા અનુભવની વસ્તુ સર્વજ્ઞભગવાન પાસેથી લાવીને, વીતરાગ સંતોએ જગતના જીવોને ભેટ આપી છે. –આ જ પંચપરમેષ્ઠીની ઉત્તમ બોણી છે.

---

## ખાસ સૂચના

શ્રી પરમાગમ–મંદિર–પ્રતિષ્ઠા–મહોત્સવ સમિતિનો હિસાબ બંધ કરેલ હોઈ તે અંગેના જે પૈસા બાકી હોય તેનો ચેક કે ડ્રાફટ બેન્ક ઓફ ઈન્ડીયા સોનગઢ કે ભાવનગરની ગમે તે બેન્ક ઉપરનો “શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ” ના નામનો મોકલવા વિનંતી છે. –પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ, સોનગઢ

# સોનગઢમાં મંગલ દીપાવલીપર્વ

## મહાવીરપ્રભુના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવનો ઉમંગભર્યો પ્રારંભ

જેમ જેમ આસોવદ અમાસ નજીક આવતી હતી તેમ તેમ નિર્વાણપ્રેમી મુમુક્ષુઓના અંતર નિર્વાણમહોત્સવ જોવા માટે–ઉજવવા માટે આતુર બનતા હતા. મુમુક્ષુનાં મન અને ઘર બંનેમાં પરિવર્તન થવા માંડયું હતું...જાણે મોક્ષના મંગલપ્રભાતની ઉષા પ્રગટવા માંડી હતી...ચૌદસની રાત ગઈ...હજી અમાસ ઊગી ન હતી–ત્યાં તો મંગલ શરણાઈઓ ગુંજી ઊઠી, હજારો દીવડાથી મંદિરો ઝગઝગી ઊઠયા, વીરનાથના મંગલ ગીત ઘરેઘરે ગાજી ઊઠયા. નિર્વાણની અપૂર્વ ઘડી આવી પહોંચી. હજારો મુમુક્ષુઓ દેવ–ગુરુના દર્શન માટે આવી પહોંચ્યા. કહાનગુરુને પણ નિર્વાણોત્સવ માટે ઘણો ઉમંગ હતો, અનેક દિવસોથી આ મંગલપ્રસંગને યાદ કરી કરીને તેઓ કહેતા કે અહા, આ ઉત્સવ સૌએ ઉજવવા જેવો છે. અઢીહજાર વર્ષનો આવો અવસર જીવનમાં આવ્યો, તે મહાભાગ્ય છે; નિર્વાણના મંગલપ્રભાતમાં જ આત્મિકશક્તિઓને યાદ કરીને તેનો મહિમા કરતાં કહ્યું કે આવી શક્તિવાળો આત્મા છે–તે આત્મામાં નિર્વાણઉત્સવ ઉજવાય છે. મહાવીર ભગવાન મોક્ષ પામ્યા તેનો આજે મંગળ દિવસ છે; નિર્વાણપ્રેમી જીવો ભગવાનના નિર્વાણનો ઉત્સવ ઊજવે છે; તે મહાન ઉત્સવ આજથી શરૂ થાય છે.

આવા મંગલપૂર્વક ઉત્સવ શરૂ થયો. સૌ પ્રથમ શ્રી મહાવીર–પરમાગમ મંદિરમાં બિરાજમાન મહાવીરભગવાનની ભાવભીની પંચકલ્યાણક પૂજા થઈ...અહા, વીરનાથને દેખી દેખીને સાધકજીવોનું આત્મવીર્ય ઉલ્લસિત થાય છે. આવી ભાવભીની પૂજા કરતાં ભક્તોનું હૈયું આનંદિત થતું હતું. શ્રી વીરનાથભગવાનથી આપણે દૂર નથી પણ તેમની નજીક જ છીએ એવા ભાવોથી પૂજન કર્યું.

પૂજન બાદ મંગલ ગીત–ગાન–ભજનો થયા પછી ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચનમાં વીરમાર્ગનો ઘણો મહિમા બતાવતાં ગુરુદેવે કહ્યું કે, ભગવાન મહાવીરનો નિર્વાણમહોત્સવ ઉજવવાની સાચી રીત એ છે કે ભગવાને ઇષ્ટઉપદેશમાં જેવો આત્મસ્વભાવ બતાવ્યો છે તેવો પોતાના જ્ઞાનમાં–અનુભવમાં લઈને, મોક્ષમાર્ગમાં આત્માને સ્થિત કરવો. ભગવાને દેખાડેલા નિર્વાણમાર્ગમાં પરિણમવું તે જ સાચો નિર્વાણમહોત્સવ છે.

વીરનાથના નિર્વાણમહોત્સવ પ્રસંગે, પ્રવચનમાં વીરમાર્ગનું શ્રવણ કરતાં ઉલ્લાસ થતો

હતો. ચારેકોર વીરવાણીના પરમાગમોની વચ્ચે, વીરનાથના ભવ્ય મંડપમાં બેસીને જિનવાણીનું શ્રવણ કરતાં, જાણે વીરપ્રભુના સમવસરણમાં જ બેઠા હોઈએ...એવું ભવ્ય વાતાવરણ પરમાગમ–મંદિરમાં સર્જાઈ ગયું હતું.

પ્રવચન પછી તરત વીરનાથપ્રભુની રથયાત્રા નીકળી, –જાણે વીરનાથપ્રભુની સાથે વિહાર કરતાં હોઈએ–તેમ રથયાત્રામાં ભક્તજનો ઉમંગથી ભાગ લેતા હતા. આમ ઉત્સવના દિવસોમાં સોનગઢનું વાતાવરણ કોઈ અનેરું હતું. ગામેગામથી કેટલાય મુમુક્ષુઓ નિર્વાણમહોત્સવ જોવા આવ્યા હતા, ને ઉત્સવ દેખીને આનંદિત થતા હતા.

બપોરે પ્રવચન બાદ પૂ. બેનશ્રીબેને વીરનાથપ્રભુની અદ્‌ભુત ભક્તિ કરાવી હતીઃ " અહો, વીરનાથ પરમદેવ! આપે અમને ચૈતન્યની અનુભૂતિનો માર્ગ આપીને મહાન ઉપકાર કર્યો છે. આપની જેટલી ભક્તિ કરીએ તેટલી ઓછી છે."

આજના મંગલદિવસે કેટલાક સાહિત્યનું પ્રકાશન થયું હતું; જૈનબાળપોથીની 'રજતજયંતિ આવૃત્તિ' (પચીસમી આવૃત્તિ) પ્રગટ થઈ હતી (કુલ પ્રત એકલાખ તેત્રીસ હજાર.) આ ઉપરાંત 'ભગવાન મહાવીર' ની નાનકડી પુસ્તિકા ગુરુદેવ સર્વ મુમુક્ષુઓને સ્વહસ્તે ભેટ આપતા હતા. ગુરુદેવના હસ્તે દીવાળીની બોણીમાં મંગળ ભેટ મેળવીને સૌ આનંદિત થતા હતા.

વીરપ્રભુના મંગલગીતગાન આખો દિવસ ચાલ્યા કરતા હતા; ઘરેઘરે વીરપ્રભુના જયકાર ગવાતા હતા, નાટકો થતા હતા...સાકર વહેંચાતી હતી; સૌને ઉત્સાહ એવો હતો કે વીરપ્રભુના ઉત્સવમાં શું–શું કરીએ!

બીજે દિવસે (કારતક સુદ એકમે) પણ એવું જ આનંદમય વાતાવરણ ચાલ્યા કર્યું હતું. ગઈકાલે વીરનિર્વાણનું નવું વર્ષ (૨૫૦૧ મું) બેઠું; આજે વિક્રમસંવતનું નવું વર્ષ બેઠું. અત્યારના બધા સંવતોમાં વીરનિર્વાણ સંવત સૌથી પ્રાચીન છે, ને વીરનિર્વાણનો ઉત્સવ (દીપાવલી) ભારતવર્ષમાં સૌથી શ્રેષ્ઠ અને સર્વમાન્ય ઉત્સવ છે.

આ નિર્વાણઉત્સવ વખતે માત્ર સોનગઢ નહિ, આખુંય ભારત મહાવીરપ્રભુના મંગલ ગીતગાનથી ગાજી ઉઠયું હતું. દેશના બધા રેડિયા પણ મહાવીરસન્દેશ સુણાવી રહ્યા હતા. –બહારમાં પણ જેમના નામના ઉત્સવનો આવો પ્રભાવ...તો સાધકના અંતરમાં એ પ્રભુના માર્ગને સાધતાં કેવો ઉત્સવ ને કેવી અદ્‌ભુતતા હશે! !–એની હે વાંચક બંધુઓ! તમે કલ્પના તો કરજો...તમને કંઈક બીજું જ (મહાવીરનું અદ્‌ભુત અંતરંગ સ્વરૂપ) દેખાશે...ને ચૈતન્યના દીવડા ઝગઝગાટ કરતા પ્રગટ થશે. 'જય મહાવીર'

બંધુઓ, તમે સૌએ પણ ઉત્તમ ભાવનાપૂર્વક આ આનંદમય ઉત્સવ ઉજવ્યો હશે. હવે કારતક વદ દસમે મહાવીર ભગવાનના દીક્ષાકલ્યાણકનો મંગલ દિવસ છે. પોતાના અંતરમાં જેમણે ચૈતન્યનું અતીન્દ્રિયસુખ જોયું છે એવા ભગવાનને દૈવીઉપભોગો કે રાજવૈભવ આકર્ષી ન શક્યા; ભગવાનને લગ્ન કરવા માતા–પિતાએ બહુ વિનવ્યા; પણ સંસારથી વિરક્ત ભગવાન તો ત્રીસ વર્ષની વયે સાધુ થયા...સાડા બારવર્ષમાં આત્મસાધના પૂરી કરીને સર્વજ્ઞપરમાત્મા બન્યા, ને તીર્થંકરપણે ભવ્ય જીવોને પરમ મધુર ઈષ્ટ ઉપદેશ આપ્યો. આવા સર્વજ્ઞપરમાત્માના સ્વરૂપને ઓળખીને તેમના ગુણગાન ગાતું, અને તેમના ઇષ્ટઉપદેશને સમજાવતું એક અભૂતપૂર્વ સુંદર પુસ્તક ("સર્વજ્ઞ–મહાવીર અને તેમનો ઇષ્ટઉપદેશ") સંપાદક દ્વારા લખાય છે.

કારતક વદ દશમે આપણે સૌ મુમુક્ષુઓ, આપણા વીરનાથ ભગવાનની પરમ વૈરાગ્યદશાને યાદ કરીને આપણા જીવનમાં પણ ઉત્તમ વૈરાગ્યનું સીંચન કરીશું. પ્રભુને દીક્ષા પહેલાં જાતિસ્મરણજ્ઞાન થયું હતું. (શાસ્ત્રમાં કે પૂજનમાં માગશર વદ દશમ લખેલ હોય, તે આપણા ગુજરાતી પ્રમાણે કારતક વદ દશમ સમજવી.)

આસોવદ પાંચમે લાઠીના ભાઈશ્રી કાન્તિલાલ રામજીભાઈ મોટાણીના મકાનના વાસ્તુનિમિત્તે સોસાયટીમાં પ્રવચન થયું હતું, જે આપ આ અંકમાં વાંચશો.

આસોવદ અમાસે ભાઈશ્રી શંકરભાઈ, જેઓ હરિજન છે, અને બાલબ્રહ્મચારી છે, તેમણે પૂ. ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે; કારતક સુદ એકમના રોજ રાજકોટના ભાઈશ્રી દયાળજી ઓધવજી, જેઓ લુવાણા છે, અને B. A. LL. B. છે તથા બાલબ્રહ્મચારી છે, તેમણે પણ પૂ. ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરી છે. –બંને જિજ્ઞાસુભાઈઓને ધન્યવાદ!

શ્રી અખિલભારત ભગવાન મહાવીર નિર્વાણમહોત્સવ સોસાયટી (દિલ્હી) ને મળેલા અનુદાન માટે ઈન્કમટેકસ ખાતા તરફથી ટેકસમાં મુક્તિ આપવામાં આવેલી, તેની મુદત તા. ૩૧–૧૦–૭૪ સુધીની હતી તેમાં વધારો કરીને તા. ૩૧–૩–૭૫ સુધીની મુદત કરવામાં આવી છે. નિર્વાણમહોત્સવની આ રકમ રૂા. ૨૫૦/– અઢીસો કે તેથી વધુ હોય ને ઉપરની તારીખ સુધીમાં ભરવામાં આવે તો ટેકસમાં તે કાપી અપાય છે. આ રકમો સ્વીકારવાની સોનગઢમાં પણ વ્યવસ્થા છે; અને રકમની પહોંચ સાથે ઈન્કમટેક્ષ ફ્રી નું સર્ટીફીકેટ પણ આપવામાં આવે છે.

[ અનુસંધાન પાનું ૪૦ થી ચાલુ ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૩ | સ્મીતાબેન નૌતમલાલ જૈન | રાજકોટ | ૨૨૦ | હરીશકુમાર કાંતિલાલ ભાયાણી | સોનગઢ |
| ૧૯૪ | હસમુખલાલ છોટાલાલ શાહ | મુંબઈ | ૨૨૧ | મયંકકુમાર હસમુખલાલ ભાયાણી | ભાવનગર |
| ૧૯૫ | રાજેશ હસમુખલાલ શાહ | ” | ૨૨૨ | સુનીલ રજનીકાંત ઢાંકી | પોરબંદર |
| ૧૯૬ | રમણલાલ મણીલાલ જૈન | ઉમરાળા | ૨૨૩ | દીપ્તિબેન વીરચંદ જૈન | મુડેટી |
| ૧૯૭ | ઇન્દ્રવદન રમણલાલ જૈન | ગોધરા | ૨૨૪ | સમીર તથા સુનીલકુમાર જૈન | – |
| ૧૯૮ | અરવિંદકુમાર સંપતરામ જૈન | ગુલાબગંજ | ૨૨૫ | મણિલાલ પોપટલાલ | બેંગ્લોર |
| ૧૯૯ | મુકુન્દરાય ગોવિંદજી જૈન | ” | ૨૨૬ | વૃજલાલ પોપટલાલ | ” |
| ૨૦૦ | સંદીપ રસિકલાલ શાહ | મુંબઈ | ૨૨૭ | ભારતી મનહરલાલ | ” |
| ૨૦૧ | કુમારી મીનાક્ષી પ્રવીણભાઈ | ગુલાબનગર | ૨૨૮ | આનંદકુમાર જસુભાઈ | અમદાવાદ |
| ૨૦૨ | મીનાકુમારી નગીનદાસ જૈન | કોઈમ્બતુર | ૨૨૯ | કીર્તિકુમાર લક્ષ્મીચંદ શાહ | લાતુર |
| ૨૦૩ | જીતેન્દ્ર નગીનદાસ જૈન | ” | ૨૩૦ | સીમાબેન નાનાલાલ | મુંબઈ |
| ૨૦૪ | મીનળ નગીનદાસ જૈન | ” | ૨૩૧ | સુનીલ પ્રાણલાલ જૈન | રાજકોટ |
| ૨૦૫ | હેમંત નગીનદાસ જૈન | ” | ૨૩૨ | તારાબેન પાનાચંદ જૈન | મુંબઈ |
| ૨૦૬ | સમતાબેન રતિલાલ | સોનગઢ | ૨૩૩ | વીણાબેન રતિલાલ શાહ | મુલુન્દ |
| ૨૦૭ | કાન્તાબેન એમ. અજમેરા | નાગપુર | ૨૩૪ | ચંપકલાલ સુખલાલ | સુરત |
| ૨૦૮ | બ્ર. નીલાબેન ટી. શાહ | સોનગઢ | ૨૩૫ | બ્ર. ચંદુલાલ ખીમચંદ જૈન | સોનગઢ |
| ૨૦૯ | પ્રકાશચંદ્ર ગોધા | મંદસૌર | ૨૩૬ | ચેતનકુમાર તથા મનોજકુમાર એન. | મુંબઈ |
| ૨૧૦ | પરેશકુમાર નંદલાલ ટોળીયા | કોઈમ્બતુર | ૨૩૭ | વિકાસચંદ મણિલાલ શાહ | પોરબંદર |
| ૨૧૧ | ભરત કાંતિલાલ વારીયા | જામનગર | ૨૩૮ | પ્રદીપ જૈન | દિલ્હી |
| ૨૧૨ | મુનિશ હરકીશન જૈન | ” | ૨૩૯ | વંદનાબેન શેઠી | પુના |
| ૨૧૩ | દર્શનાબેન હરકીશન જૈન | ” | ૨૪૦ | હરીશ અમૃતલાલ જૈન | ઘાટકોપર |
| ૨૧૪ | કલ્પનાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | ” | ૨૪૧ | દીપકકુમાર મનુભાઈ કામદાર | વડોદરા |
| ૨૧૫ | જયશ્રી પ્રફૂલ્લચંદ્ર જૈન | ” | ૨૪૨ | હેમાંશુ મનુભાઈ કામદાર | ” |
| ૨૧૬ | સાધનાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | ” | ૨૪૩ | ફાલ્ગુનીબેન મનુભાઈ કામદાર | ” |
| ૨૧૭ | પ્રીતિબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | ” | ૨૪૪ | દિવ્યેશ ચંદ્રકાન્ત મહેતા | ” |
| ૨૧૮ | શશાંક પ્રફૂલ્લચંદ્ર જૈન | ” | ૨૪૫ | પ્રભાબેન જી. શાહ | ગોરેગાંવ |
| ૨૧૯ | પ્રદીપ શિવલાલ જૈન | જેતપુર | ૨૪૬ | અજિતકુમાર હિંમતલાલ | મુંબઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪૭ | લલિતકુમાર અમુલખભાઈ શેઠ | જોરાવરનગર | ૨૭૫ | સુરેશ રતિલાલ શાહ | જોરાવરનગર |
| ૨૪૮ | તેજલ કનકરાય | જામનગર | ૨૭૬ | ભુપેન્દ્રકુમાર અમુલખ જૈન | – |
| ૨૪૯ | બીના વસંતરાય કામદાર | સીકંદરાબાદ | ૨૭૭ | અતુલ એ. ગાંધી | સોનગઢ |
| ૨૫૦ | શીલા પ્રભુદાસ | હૈદરાબાદ | ૨૭૮ | ઈલાકુમારી નંદલાલ | ” |
| ૨૫૧ | અરવિંદ જેઠાલાલ | સિકંદરાબાદ | ૨૭૯ | નીલાબેન પ્રવીણચંદ્ર | સુરેન્દ્રનગર |
| ૨૫૨ | લીલાવતી શાંતિલાલ | અમલનેર | ૨૮૦ | કુમારી જ્યોતિબેન શાંતિલાલ | ગુલાબગંજ |
| ૨૫૩ | ચંપકલાલ મંગળદાસ | વડલી | ૨૮૧ | બેટીલાલજી ( ગોવિંદદાસજી ) | ખંડેરી |
| ૨૫૪ | મંગળદાસ ગીરધરલાલ | ગોધરા | ૨૮૨ | પ્રવીણચંદ્ર રતિલાલ જૈન | મોરબી |
| ૨૫૫ | મુકેશકુમાર મણિલાલ મહેતા | મદ્રાસ | ૨૮૩ | હિતેન મોટાણી | મુંબઈ |
| ૨૫૬ | બિપિનકુમાર શાંતિલાલ | ” | ૨૮૪ | રાજેન્દ્ર શાંતિલાલ શાહ | રાજકોટ |
| ૨૫૭ | પ્રભાબેન જયંતિલાલ કામદાર | ” | ૨૮૫ | ચેતન, અતુલ, જિનેશ દોશી | ઘાટકોપર |
| ૨૫૮ | કુમારી મોનાબેન પ્રવીણચંદ્ર | મુંબઈ | ૨૮૬ | દર્શનાબેન કોઠારી | રાજકોટ |
| ૨૫૯ | નીપાબેન પ્રવીણચંદ્ર જૈન | ” | ૨૮૭ | દેવાંશ કોઠારી | ” |
| ૨૬૦ | દીપકકુમાર મનસુખલાલ દેસાઈ | સોનગઢ | ૨૮૮ | શાંતિલાલ બાપાલાલ ગાંધી | ઘાટકોપર |
| ૨૬૧ | સજ્જન જૈન મહેતા | ઈન્દોર | ૨૮૯ | મંજુલાકુમારી તખતરાજ શેઠ | કલકત્તા |
| ૨૬૨ | નીલાબેન વર્દ્ધમાન જૈન | લાતુર | ૨૯૦ | વિનયકુમાર બી. ગાંધી | અમદાવાદ |
| ૨૬૩ | હરીશચંદ્ર જેઠાલાલ જૈન | મોરબી | ૨૯૧ | શાંતિલાલ ખીમચંદ | જાંબુઆ |
| ૨૬૪ | વિજય જૈન | મુંબઈ | ૨૯૨ | છોટાલાલ રાયચંદ ગાંધી | લવારી |
| ૨૬૫ | રાજેન્દ્ર જૈન | ” | ૨૯૩ | ચંચળબેન શાહ | મુંબઈ |
| ૨૬૬ | હર્ષાબેન જૈન | ” | ૨૯૪ | ભદ્રેશ રમણીકલાલ દોશી | ઘાટકોપર |
| ૨૬૭ | બિપીન ભાઈલાલ દોશી | માટુંગા | ૨૯૫ | સ્મીતાબેન રમણીકલાલ દોશી | ” |
| ૨૬૮ | ગૌતમ ભાઈલાલ દોશી | ” | ૨૯૬ | દયાબેન હિંમતલાલ | બેંગ્લોર |
| ૨૬૯ | ઉદય ભાઈલાલ દોશી | ” | ૨૯૭ | ભરતેશ ચંદ્રકાન્ત મહેતા | ચેમ્બુર |
| ૨૭૦ | નવલચંદ છગનલાલ જૈન | જામનગર | ૨૯૮ | શૈલાબેન ચંદ્રકાન્ત મહેતા | ” |
| ૨૭૧ | ગંગાબેન રતિલાલ જૈન | સોનગઢ | ૨૯૯ | શૈલાબેન રમેશચંદ્ર | ઘાટકોપર |
| ૨૭૨ | બ્ર. ભદ્રાબેન શાંતિલાલ જૈન | ” | ૩૦૦ | મુક્તાબેન હિંમતલાલ ડગલી | વીંછીયા |
| ૨૭૩ | આર. ડી. દેસાઈ | મુંબઈ | ૩૦૧ | ચેતનાબેન જયકર | થાનગઢ |
| ૨૭૪ | કમળાબેન એન. પારેખ | ” | ૩૦૨ | પ્રશાંત જયકર | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦૩ | ગોસળીયા જ્યોતિબેન વર્ધમાન | ગઢડા | ૩૦૮ | મીનાબેન મનહરલાલ પારેખ | સોનગઢ |
| ૩૦૪ | દફતરી નૌતમલાલની કું. | રાજકોટ | ૩૦૯ | કિરણકુમાર મનહરલાલ પારેખ | સોનગઢ |
| ૩૦૫ | મનોજકુમાર મગનલાલ | અમદાવાદ | ૩૧૦ | ધનલક્ષ્મી ગુણવંતરાય | મુંબઈ |
| ૩૦૬ | પારૂલબેન ભોગીલાલ ખંધાર | મુંબઈ | ૩૧૧ | કંચનબેન ભગવાનદાસ | નરોડા |
| ૩૦૭ | મંજુલાબેન મનહરલાલ પારેખ | સોનગઢ | ૩૧૨ | ખીમચંદ સુખલાલ કામદાર | બોટાદ |

[ તા. ૧૫–૧૧–૭૪ સુધીઃ બીજાં નામો આવેલ છે તે આવતા અંકમાં આપીશું. ]

## વૃદ્ધજનો માટેનો ખાસ વૈરાગ્ય વિભાગ –

હે વૃદ્ધજન! તમે ગભરાશો મા! મારું કોઈ નથી એમ હતાશ થશો મા! તમારા જીવનના ઉત્તમ સંસ્કારોની મોંઘી મુડી તમારી પાસે જ છે. અંતિમ જીવનની તમારી ઉત્તમ ભાવનાઓ જ તમને શાંતિ આપનાર છે. માટે તેના ઉપર જ જોર આપો.

શરીરનું મમત્વ તો છોડવાનું છે, મમત્વ રાખવા જેવું શરીરમાં છેય શું? તો એવા શરીરની સેવા કરનાર કોઈ હો–ન હો, તેની શી ચિંતા! આત્માની ચિંતા કરો કે જેથી તેનું ભવિષ્ય ઉત્તમ બને.

જુવાનીમાં પણ જે ન થઈ શક્યું તે શૂરવીર થઈને અત્યારે કરી લ્યો. શૂરવીર આત્માની શૂરવીરતાને વૃદ્ધાવસ્થા કાંઈ ઢીલી કરી શકતી નથી.

હૃદયમાં જિનભક્તિ કરો....પંચપરમેષ્ઠીને યાદ કરો....મુનિપદની ભાવના કરો.... શરીરની ક્ષણભંગુરતા અને આત્માની નિત્યતા વિચારીને વૈરાગ્યની ઉત્તમ ભાવનાઓ કરો....બસ, તમને કાંઈ દુઃખ નહિ રહે. અંદરમાં જિનભાવના છે–તો બહારની પ્રતિકૂળતા શું કરી શકવાની છે?

## ❁ ધર્મ..... ક્યારે ? ❁

વૃદ્ધાવસ્થા થશે ત્યારે ધર્મ કરશું–એમ કહેતાં કહેતાં અનેક જડબુદ્ધિઓ ધર્મ કર્યા વગર જ મરી ગયા.

અરે, ધર્મ કરવામાં વળી વૃદ્ધાવસ્થાની રાહ શું જોવી? મુમુક્ષુને જીવનમાં પહેલું સ્થાન ધર્મનું હોય. પહેલી ક્ષણ ધર્મની....પહેલું કામ ધર્મનું.

એકસાથે ત્રણ વધાઈ આવી ત્યારે, ભરતરાજે પુત્ર અને રાજચક્ર બંનેને ગૌણ કરીને, કેવળજ્ઞાનની પૂજા પ્રથમ કરી, તે ધર્મની પ્રધાનતા પ્રસિદ્ધ કરે છે.

ભાઈ, તારે દુઃખથી છૂટવું હોય તો વર્તમાન ક્ષણ તારી પાસે હાજર છે તેનો જ સદુપયોગ કરી લે; બીજી ક્ષણના ભરોસે રાહ જોઈને બેસી ન રહે.

## 'આત્મધર્મ' ( વીતરાગ સાહિત્ય ) ના પ્રચાર માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | ભુપેન્દ્ર ભોગીલાલ જૈન | લખતર | ૧૧ | સુશીલાકુમારી ભગવાનદાસ | નરોડા |
| ૫૦ | દયાબેન ( શ્રીપાલજી જૈન ) | દિલ્હી | ૧૧ | શાંતાબેન ભગવાનદાસ | ” |
| ૨૧ | બ્ર. ગુણીબેન મહાસુખલાલ | સોનગઢ | ૧૧ | ભગવાનદાસ છગનલાલ | ” |
| ૧૧ | વસંતબેન નગીનદાસ | ભાવનગર | ૪૦૧ | મીનાબેન નગીનદાસ | કોઈમ્બતુર |
| ૨૧ | સમીર પ્રાણલાલ | ઘાટકોપર | ૨૦૧ | મગનલાલ તલકશી શાહ | સુરેન્દ્રનગર |
| ૫૧ | જેકુંવરબેન શાહ | કલકત્તા | ૨૦૧ | વિજયાબેન મણિલાલ ડગલી | વીંછીયા |
| ૨૦૧ | પ્રાણલાલ પરસોત્તમ | મુંબઈ | ૫૦ | પીતાંબર ત્રિભોવનદાસ કોઠારી | ચોટીલા |
| ૨૦૦ | અમૃતલાલ સેજપાલ | ” | ૫૦ | કોઠારી શાંતાબેન પીતાંબરદાસ | ” |
| ૨૧ | ખીમચંદ લહેરભાઈ | સુરેન્દ્રનગર | ૫૧ | મગનલાલ ન્યાલચંદ | વાંકાનેર |
| ૩૦ | વિપુલ મોટાણી | મુંબઈ | ૫૧ | હરેશ અમૃતલાલ જૈન | ઘાટકોપર |
| ૧૧ | અરૂણકુમાર ચંદ્રશંકર | વઢવાણ | ૫૧ | હિંમતલાલ છોટાલાલ જૈન | સોનગઢ |
| ૧૧ | સંદીપકુમાર ભગવાનદાસ | નરોડા | ૨૧ | મંગળાબેન મહેતા | ” |

( તા. ૧૫–૧૧–૭૪ સુધી )

[ મહાવીર–નિર્વાણમહોત્સવ નિમિત્તે બાલવિભાગના સભ્યોએ બચાવેલા રૂા. ૨૫/– ઘાટકોપરમાં મુમુક્ષુ મંડળના મંત્રી શ્રી રસિકભાઈ ધોળકીયાને પણ ભરી શકાશે. બાળકોની આ યોજનામાં તેમને પણ સારો રસ અને ઉત્સાહ છે. ]

આત્મધર્મમાં પાનાં વધારવાની યોજનામાં મુમુક્ષુ વાંચકો તરફથી સારો આવકાર મળી રહ્યો છે, ને ત્રણ નામો આવેલ છે. ભગવાન મહાવીરના આ અઢીહજાર વર્ષીય નિર્વાણમહોત્સવમાં વીતરાગી સાહિત્યનો ખૂબ ખૂબ પ્રચાર થાય તે સૌથી મુખ્ય કાર્યક્રમ છે; ને વીરભક્ત મુમુક્ષુઓ ઉત્સાહથી તેમાં રસ લઈ રહ્યા છે–તે આનંદની વાત છે. વીતરાગી સાહિત્ય દ્વારા વીરશાસનનો આ મહાન ઉત્સવ જરૂર શોભી ઉઠશે.

આત્મધર્મના આ દીપાવલી–અંકમાં વધુ એક ફરમો ( ૩૬૦૦ નકલ ) એટલે કુલ ૨૮, ૮૦૦ પાનાં છાપવાનો કુલ ખર્ચ રૂા. ૪૦૧/– કોઈમ્બતુરના શ્રી મીનાબેન નગીનદાસ જૈન તરફથી આપવામાં આવેલ છે, તે બદલ ધન્યવાદ !

## નિર્વાણમહોત્સવના પ્રારંભે મંગલવાણી

卐 મહાવીર ભગવાન મોક્ષ પધાર્યા તેનો આજે મંગળ-કલ્યાણક દિવસ છે.

卐 નિર્વાણના પ્રેમી જીવો ભગવાનના નિર્વાણનો ઉત્સવ ઊજવે છે; તે મહાન ઉત્સવ આજથી શરૂ થાય છે.

卐 ભગવાનનો નિર્વાણમહોત્સવ ઉજવવાની સાચી રીત એ છે કે ભગવાને ઇષ્ટ-ઉપદેશમાં જેવો આત્મસ્વભાવ બતાવ્યો છે તેવો પોતાના જ્ઞાનમાં-અનુભવમાં લઈને, મોક્ષમાર્ગમાં આત્માને સ્થિત કરવો. -ભગવાને દેખાડેલા નિર્વાણમાર્ગમાં પરિણમવું તે જ સાચો નિર્વાણમહોત્સવ છે.

卐 નિર્વાણપદ-સિદ્ધપદમાં ભગવાનને જેવું પરિપૂર્ણ જ્ઞાન ને પરિપૂર્ણ સુખ છે-તેવા પોતાના આત્માના પરિપૂર્ણ સ્વભાવને જે ઓળખે-તેમાં ઉપયોગ જોડીને તેનો અનુભવ કરે, તેણે આનંદરસના સ્વાદ સહિત મોક્ષના મહોત્સવનો મંગલપ્રારંભ પોતાના આત્મામાં કર્યો.

[ આસોવદ અમાસે, ગુરુદેવના મંગલઉદ્ગાર ]

## હે મુમુક્ષુ ! ખેદ છોડ...પ્રસન્નતાથી આત્માને સાધ !

હે મુમુક્ષુ ! મહાવીરશાસનને પામીને હવે જીવનમાં તું ખેદભિન્ન થઈને જીવીશ નહિ, આનંદમય જીવન જીવજે. તારા જીવનને આનંદમય બનાવવા જ સંતોનો ઉપદેશ છે. અહા, આવા આનંદ સાધવાના અવસરમાં ખેદ શો ! મુમુક્ષુને તો નિજાનંદની પ્રાપ્તિના અવસરમાં પરમ ઉત્સાહ હોય.

અરે મુમુક્ષુ ! તને વળી ખેદ શેનો ? જગતમાં એવું તે શું દુઃખ છે કે તારે ખેદ કરવો પડે ? તારે તો અત્યારે આત્માને સાધવાનો મહા આનંદપ્રસંગ છે...તો પ્રસન્નચિત્તે આત્માને સાધવામાં લાગી જા. ખેદ છોડ ! જો તો ખરો, તને કેવા સરસ દેવ-ગુરુ મળ્યા છે ? કેવો સરસ માર્ગ મળ્યો છે ! ને અંદર કેવો મજાનો સુંદર આત્મા બિરાજી રહ્યો છે !! જગતમાં આવો સરસ યોગ મળ્યો, પછી હવે ખેદ કરવાનું ક્યાં રહે છે ? ખેદની ટેવ છોડ ને મહાન ઉલ્લાસથી, શાંતભાવે તારા આનંદધામમાં જો... તારું જીવન અપૂર્વ ચેતનવંતુ બની જશે.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૬૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( 364250 ) : કારતક ( ૩૭૩ )